ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભુજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારેનું દૈનિક
તા. ૨૧-૦૫-૨૦૨૫ બુધવાર
કિંમત રૂ. ૨.૦૦/-
Website : www.Kutchuday.com E-mail : kutchuday@gmail.com
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૨ મા વર્ષમાં મંગળ પ્રવેશ

◆અંક નંબર : ૦૦૨◆વર્ષ : ૩૨ ◆પાના - ૧૨ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ વૈશાખ વદ-૯◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭






યહા કા રાજા હૈ વો...! રાજ્યની વધી શાન!

# ગુજરાતના ૧૧ જિલ્લામાં સિંહની ડણક :સીએમ

## રાજયમાં ૧૬મી સિંહ વસ્તી અંદાજ સંખ્યાની મુખ્યમંત્રી દ્વારા કરાઈ સત્તાવાર જાહેર

**૫૧૧ સ્વયં સેવકો સહીતનાઓએ સિંહની વસ્તી અંદાજની કામગીરીમાં જોડાયા હતા : પ્રાથમિક અને આખરી અંદાજની કામગીરી કરાઈ : ૧૬મી સિંહ વસ્તી ગણતરી અંદાજ માટે મોર્ડન ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવ્યો : છેલ્લે વર્ષ ૨૦૨૦માં ૬૭૪ જેટલા સિંહોની નોંધાઈ હતી સંખ્યા**







ગાંધીનગરઃ ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે સિંહની વસ્તી ગણતરી કરવામાં આવે છે. જે અંતર્ગત એશિયાઈ સિંહનો ૧૬મો વસ્તી અંદાજ-૨૦૨૫ હાથ ધરવામાં આવ્યો હતો જેમાં ગુજરાતમાં સિંહો ની વસ્તીમાં ધરખમ વધારો થયો છે. રાજ્યમાં હાથ ધરવામાં આવેલી સિંહની વસ્તી અંદાજમાં જુનાગઢ સહિતના આજુબાજુના વિસ્તારોમાં કુલ ૮૯૧ સિંહો નોંધાયા છે. રાજ્યના વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ સિંહની વસ્તી અંદાજના ના આંકડા જાહેર કરતા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે આ વર્ષે હાથ ધરવામાં આવેલી સિંહની વસ્તીમાં ધરખમ વધારો થયો છે અને રાજ્યમાં કુલ ૮૯૧ સિહ નોંધાયા છે. વસ્તી વધારાની સાથે સિંહોના રહેઠાણના સ્થળોમાં પણ વૃદ્ધિ જોવા મળે છે. તેમણે જણાવ્યું હતું કે આધુનિક ટેકનોલોજી ના ઉપયોગ કરીને સિંહો ની વસ્તી ગણતરી કરવામાં આવી હતી. સિંહ વસ્તી ગણતરી

અનુસંધાન પાના નં.૪ પર

# આગામી પખવાડીયો ગુજરાતના રાજકરણ માટે મહત્વપૂર્ણ : અનેક મોટા ફેરફારના એંધાણ : રાજકીય પારો ઉચકાયો.!

**ભાજપ પ્રદેશ પ્રમુખના નામની જાહેરાતનું કાઉન્ટડાઉન : અમિત શાહ ગુજરાતમાંથી ગયા, ગુજરાતના સીએમને દિલ્હીનું તેડું છે, જે બાદ મોદીજી ગુજરાત આવી રહ્યા છે, આ બધોય ઘટનાક્રમ રાજકીય વમળો સર્જતો છે : સંગઠન બાદ જ મંત્રીમંડળ વિસ્તરણ થશે : બચુ ખાબડના પુત્રોનું મનરેગા પ્રકરણ બાદ મોટા ફેરફાર આવશે**

## મંત્રીમંડળમાં થશે મોટા ફેરબદલ?

હવે સંગઠનની નવી રચના થશે અને ત્યારબાદ મંત્રીમંડળમાં ફેરફાર સામે આવશે. એવું મનાય છે કે ૧૬ માંથી ૧૦ જેટલા મંત્રીઓ કપાશે. ખાસ કરીને જે મંત્રીઓ છેલ્લા ઘણા સમયથી વિવાદમાં રહ્યા છે, અથવા તેની ફરિયાદ ગઈ છે તેવા મંત્રીઓ કપાશે.

ગાંધીનગર : છેલ્લા ઘણા સમયથી ભાજપ પ્રદેશ પ્રમુખ માટે અનેક નામોની અટકળો અને ચર્ચાઓ સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રભહી છે. હાલ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની ટર્મ છેલ્લા લાંબા સમયથી પૂર્ણ થઈ છે અને તેમને કેન્દ્રીય જળશક્તિ મંત્રાલયની જવાબદારી પણ સોંપવામાં આવી છે.ત્યારે કચ્છ-સૌરાષ્ટ્રમાંથી નવા પ્રદેશ પ્રમુખ આવશે તેવી વાત સામે આવી છે. ભાજપ આમ તો સરપ્રાઈઝ આપવામાં માને છે. જે નામો મીડિયામાં ચર્ચાતા હોય તેના નહીં પરંતુ અલગ જ નામની જાહેરાત થતી હોય છે. તે સંગઠન હોય કે પણ ચૂંટણી. જે સમયે સી.આર.પાટિલની ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકે જાહેરાત કરવામાં આવી હતી. તે સમયે કોઈએ વિચાર્યુ પણ નહીં હોય કે દક્ષિણ ગુજરાતના નવસારીના સાંસદ, મૂળ મહારાષ્ટ્રીયન નેતા ગુજરાત ભાજપના સુકાની બનશે. પરંતુ નરેન્દ્ર મોદી, અમિત શાહની સરપ્રાઈઝ રહી અને તે પછીના વર્ષોમાં સુપરહિટ રહી. કારણકે તેમના કાર્યકાળમાં ભાજપે રેકોર્ડ બ્રેક માર્જિન થી વિધાનસભામાં જીત હાંસલ કરી.હવે નવા પ્રદેશ પ્રમુખના શિરે અનેક જવાબદારી તો છે. ત્યારે સૌરાષ્ટ્ર માંથી નવું નામ હશે તેવું સૂત્રો જણાવે છે. ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકે જૂનાગઢ સાંસદ રાજેશ ચુડાસમા, રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડ બાદ હવે નવું નામ જે ચર્ચામાં છે અને જોર પકડ્યું છે તે છે કોડીનાર વિધાનસભા બેઠકમાં સભ્ય ડો. પ્રદ્યુમન વાજા. ડો. વાજાએ ૨૦૨૨ ચૂંટણીમાં કોંગ્રેસના મહેશભાઈ મકવાણાને ૧૯૩૮૬ મતોથી હરાવ્યા હતા.ડો. પ્રદ્યુમન વાજા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ પ્રમુખ પણ રહી ચૂક્યા છે. તેઓને સંગઠનનો અનુભવ પણ છે. જો કે, આ બધુય હજુ ચર્ચા અને અટકળો પુરતું જ સીમીત છે, જેમ કહ્યુ તે રીતે મોદી-અમિતભાઈનું મન કોઈ જ કડી શકે નહી અને કોઈ નવુ નામ જ જાહેર થાય તો પણ નવી નવાઈ નહી કહેવાય. પરંતુ હવે આગામીએકાદ સપ્તાહમાથી જ નામની જાહેરાતી શકયતાઓ સેવાઈ રહી છે તેમા કોઈ મીનમેખ નથી.

# ગુજરાતની કેબિનેટમાં પીએમ પ્રવાસ મુદ્દે મનોમંથન

ગાંધીનગર : રાજ્યમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી સંદર્ભે તેમજ રાજ્યમાં થયેલા કમોસમી વરસાદમાં ખેડૂતોના પાકને થયેલા નુકસાન સંદર્ભે ગુજરાતમાં અમદાવાદમાં નોંધાયેલા કોરોનાના કેસ, **પીએમ પ્રવાસ** સહિત મુદ્દાઓને લઈને આજે કેબિનેટ બેઠકમાં ચર્ચા વિચારણા કરીને મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી બેઠકમાં રાજ્યમાં પ્રિમોન્સૂન એક્ટિવિટી તેમજ આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદ અને વાવાઝોડાની આગાહીને પગલે રાજ્યના જિલ્લાઓમાં તકેદારીના પગલાં લેવા અંગે સંબંધીત વિભાગોને જિલ્લાના તંત્રને સુચનાઓ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજ્યમાં તાજેતરમાં કેટલાક જિલ્લાઓમાં થયેલા કમોસમી વરસાદના કારણે

અનુસંધાન પાના નં.૪ પર






# આજથી ભારતનું પાકિસ્તાન વિરૂધ્ધ વૈશ્વિક'પોલ ખોલ'' અભિયાન

નવી દિલ્હીઃ ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા આતંકવાદ વિરુદ્ધ કડક પગલાં લઈને નવી રેખા દોરી છે અને ભારત સરકારે પાકિસ્તાનના આતંકવાદી ચહેરાને વૈશ્વિક સ્તરે ઉજાગર કરવાની વ્યૂહરચના ઘડી છે.આ હેતુથી,બશીર,

અનુસંધાન પાના નં.૪ પર

## ઈરાનના પરમાણુ ઠેકાણા પર હુમલાની તૈયારી કરી રહ્યું છે ઈઝરાયેલા અમેરિકાના ખાનગી રિપોર્ટમાં ખુલાસો

વોશીંગ્ટન : અમેરિકાને મળેલી નવી ગુપ્ત માહિતીમાં ખુલાસો થયો છે કે ઈઝરાયલ ઈરાની પરમાણુ સ્થાપનો પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે. એક અમેરિકન અધિકારીને ટાંકીને એક અહેવાલમાં આ વાતનો ખુલાસો થયો છે. અમેરિકાના એક અહેવાલ મુજબ, US ખબર પડી ગઈ છે કે ઈઝરાયલ ઈરાની પરમાણુ પ્લાન્ટ પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યું છે.



પીએમ મોદી રાજીવગાંધીને યાદ કરી ભાવુક થયા, એકસ હેન્ડલ પર મોદીએ રાજીવગાંધીને આપી શ્રદ્ધાંજલી : પૂર્વ વડારધાન_રાજીવગાંધીની ૩૪મી પુણતિથી : મલ્લકાર્જુન ખડગે, રાહુલ ગાંધી સહિતના નેતાઓએ અર્પી શ્રદ્ધાંજલી.

## છત્તીશગમાં ૨૦થી વધુ નકસલીઓ ઠાર

નવી દીલ્હી : ભારતની મોદી સરકાર આતંકવાદીઓને ઠેકાણા પાડવાની સાથોસાથ જ દેશમાં પણ ઉગ્રવાદને પોષી રહેલા માઓવાદીઓ-

અનુસંધાન પાના નં.૪ પર

## મહારાષ્ટ્રના થાણેમાં બિલ્ડીંગ દુર્ઘટના :૬ના મોત

મુંબઈ : મહારાષ્ટ્રના મુંબઈના થાણેમાં આજે એક ગંભીર દુર્ઘટના બનવા પામી ગઈ છે. આજ રોજ થાણેમાં ચાર માળની બિલ્ડીંગનો એક ભાગ ધરાશીય થવા પામી ગયો છે અને તેમાં છ લોકોના મોત નિપજી જવા પામ્યા છે.




કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....

**વૈશાખ વદ-૯, તા.૨૧ મે, બુધવાર**

# ફરી આવ્યો કોરોના?

## ગભરાજો નહી, પણ ચેતજો..!



**દેશની સાથે ગુજરાતમાં ફરી એકવાર કોરોનાની એન્ટ્રી**

એશિયાના કેટલાક દેશોમાં ફરીથી કોરોનાએ માથું ઉચકી દીધું છે. હોંગકોંગ, સિંગાપુર, ચીન સહિતના શહેરોમાં કોરોનાના કેસો મોટી સંખ્યામાં વધવા પામી રહ્યા છે. એમીક્રોનનો નવો વેરીએન્ટ છે. ભારતમાં પણ તેની સાથે જ કોરોનાના કેસો વધ્યા છે અને કેરલા તેમાં સૌથી વધારે છે તેની સાથોસાથ જ ગુજરાતમાં પણ કોરોનાની રી એન્ટ્રી થવા પામી ગઈ છે.

અમદાવાદામા બાળક થી લઈ અને વૃદ્ધા સુધીના કોરોનાની ઝપટમાં આવી જવા પામ્યા છે.ત્રણ વર્ષ પછી ફરી એકવાર એશીયાના કેટલાક ભાગોમાં કોરોનાના વાયરસના ઝડપથી કેસો ફેલાતા દેખાવવા પામી રહયા છે. હોંગકોંગ અને સિંગાપોરમા આ કેસોમા વધારો થયો છે. વાયરસની પ્રવૃતી ખુબ જ વધારે છે.

એશીયા અને દેશની સાથે કોરોનાના કેસો ગુજરાતમાં પણ દેખાવવા પામ્યા છે ત્યારે લોકોએ ગભરાવાવની જરૂર નથી. હજુ સુધી દેશમાં કોરોનાના કેસો વધ્યા છે તે વાત સાચી છે પરંતુ તમામ નિંયંત્રિત સ્થિતી બનેલી છે તથા હોસ્પિટલમાં દર્દીને હજુ સુધી દાખલ કરવાની જરૂરીયાત જણાઈ નથી. પેનિક થવુ કે ગભરાવાવની કોઈએ જરૂર નથી, લોકો સાવધ રહે અને કોવિદ પ્રોટોકોટલનું પાલન કરે તે જરૂરી બની રહ્યું છે. કોવિદ પ્રોટોકોલ શું છે તે તો આપણે સૌ જોઈ જાણી ચુકયા જ છીએ. હાલના સમયે કોરેનાની લહેર ભલે નાની જ દેખાઈ રહી હોય પણ બેદરકારી રાખવી મોંઘી સાબિત થઈ શકે તેમ છે.

# લાકડીયા પોલીસે શંકાસ્પદ બાઈક સાથે યુવકને પકડયો



ભચાઉ : લાકડીયા પોલીસ વાહન ચેકીંગમાં હતી ત્યારે નંબર પ્લેટ વગરની બાઈક લઈને નિકળતા શખ્સને રોકાવી કાગળીયા માંગતા મળી આવ્યા ન હતા. બાઈક ચોરી કે છળકપટથી મેળવી હોવાનું જણાઈ આવતા લખાપરના નવગણ રામા કોલીની અટક કરી ૧૫ હજારની બાઈક કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મજૂરોની પોલીસ સ્ટેશનમાં જાણ ન કરાવનાર ૪૫ લેબર કોન્ટ્રાક્ટર ઝપટે ચડ્યા

**પૂર્વ કચ્છમાં ગુનાખોરી અટકાવવા માટે એસપી સાગર બાગમારના માર્ગદર્શનમાં પોલીસ એકશન મોડમાં**

ગાંધીધામ : પૂર્વ કચ્છમાં સેંકડો કંપનીઓ અને ઔદ્યોગિક એકમો આવેલા છે. આ એકમોમાં મોટી સંખ્યામાં પરપ્રાંતિય મજૂરો કામ કરે છે. નિયમ પ્રમાણે લેબર કોન્ટ્રાક્ટરે પોતે કામ પર રાખેલા મજૂરોની સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધ કરાવવાની હોય છે પરંતુ મોટા ભાગના લેબર કોન્ટ્રાક્ટર મજૂરોનું રજિસ્ટ્રેશન કરાવતા નથી. કલેક્ટર દ્વારા અવાર-નવાર જાહેરનામું બહાર પાડવામાં આવે છે છતા મજૂરોની નોંધણી થતી નથી.

પૂર્વ કચ્છ એસપી સાગર બાગમારના માર્ગદર્શનમાં પોલીસે ઝુંબેશ કરી અલગ અલગ જગ્યાએ તપાસ કરતા કુલ ૪૫ લેબર કોન્ટ્રાક્ટરો સામે ફરીયાદ દાખલ કરવામાં આવી છે. ૧૩થી ૧૯ મે દરમિયાન આ કાર્યવાહી કરવામાં આવી હતી. હજુ પણ આ કાર્યવાહી ચાલુ રહેશે. લેબર કોન્ટ્રાક્ટરો દ્વારા મજૂરોની પોલીસ સ્ટેશનમાં નોંધ કરાવવામાં આવે તે જરૂરી બની રહે છે.

## રાપરના જાટાવાડાના ખેતરમાં પશુઓએ ભેલાણ કરતા નુકશાન

રાપર : તાલુકાના જાટાવાડા ગામની સીમમાં શક્તિસિંહ વાઘેલાના ખેતરના શેઢા પર પશુઓએ ભેલાણ કરતા ફરિયાદ નોંધાવાઈ હતી. ફરિયાદી પ્રવીણભાઈ માવજીભાઈ વાઘેલાના જણાવ્યા મુજબ ફરિયાદીએ તેમના ગામના શક્તિસિંહ વાઘેલાના ખેતરમાં ભાગેથી ગોવાર વાવ્યો હતો. પાક વાઢીને ખેતરના શેઢા પર ઢગલા કર્યા હતા. આ ઢગલા પર આરોપીઓએ તેમની ભેંસો ચરાવી ભેલાણ કરતા ફરિયાદીએ ભેલાણ ન કરવા બાબતે સમજાવતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા અને તારાથી થાય તે કરી લેજે. તેમ કહી જાતી અપમાનીત કરી ખેતરમાં ગેરકાયદે પ્રવેશ કરીને ઝાડના પુળાઓના વાઢીયો, લોખંડનો ખાટલો ભાંગી નાખી પુળા ભેંસો પાસે ચરાવી ૪૫ હજારનું નુકશાન કર્યું હતું. જેથી નરેન્દ્રસિંહ બળવંતસિંહ વાઘેલા અને સુખદેવસિંહ બળવંતસિંહ વાઘેલા સામે ફરિયાદ નોંધાઈ હતી.

## ભુજ જીઆઈડીસી પાસે આધેડનું શંકાસ્પદ મોત

ભુજ : શહેરના જીઆઈડીસી વિસ્તારમાં રહેતા અને મુળ નેપાળના ૪૫ વર્ષિય રામસિંહ દલસિંહ સોનીનું શંકાસ્પદ મોત થયું હતું. હતભાગીનો જીઆઈડીસી વિસ્તારમાં દીપક પેટ્રોલપંપ સામેની ગલીમાં ઈજાગ્રસ્ત હાલતમાં દેહ મળી આવ્યો હતો. બી ડિવિઝન પોલીસે હાલ એડી દાખલ કરી છે. કયા સંજોગોમાં મોત થયું તે જાણવા માટે તપાસના ચક્રો ગતિમાન કરાયા છે.

# ગાંધીધામમાં આંકડાનો જુગાર પકડાયો

ગાંધીધામ : શહેરમાં સેકટર - ૫ માં ભાવેશ્વર ટી હાઉસની સામે વરલી મટકાનો આંકડાનો જુગાર રમતા દેવજી મુળજી મહેશ્વરીને પોલીસે ઝડપી રોકડા રૂા. ૨૪૦૦ અને મોબાઈલ કબજે કર્યા હતા. જયારે હરીશ ટ્રાન્સપોર્ટની સામે ચા ની કીટલી પર વરલી મટકાનો આંક સ્વીકારતા કાર્ગોના શેરઅલી અબ્દુલ જમીલ રાયણને પકડી આંકડાનું સાહિત્ય કબજે કરી ગુનો દાખલ કર્યો હતો. બન્ને કિસ્સામાં બી ડીવીઝન પોલીસે ગુનો દાખલ કર્યો છે.




## લુણીમાં આઈવાની હડફેટે આધેડને ફ્રેકચરની ઈજા

મુંદરા : તાલુકાના લુણી ગામે આઈવાની હડફેટે આધેડને ફ્રેકચરની ઈજાઓ થઈ હતી. આ બાબતે મુંદરા મરીન પોલીસમાંથી જાણવા મળતી વિગતો મુજબ આરોપી રાઘા ગામના આઈવા ટ્રક ચાલક જીવરાજ મેઘરાજ ગઢવીએ પોતાના વાહનમાં ભરેલ માટી ખાલી કરતી વખતે હાઈડ્રોલીક ઉચું કરવા ગાડી રીવર્સમાં લેતા પોતાની ગાડી પલ્ટી ખવડાવી દીધી હતી. પાછળ ગાડીને સાઈડ બતાવતા ફરિયાદીને પીઠના ભાગે આઈવાનો પાછળનો ભાગ અથડાતા ફરિયાદીને કમરના મણકામાં ફ્રેકચર સહિતની ઈજાઓ થઈ હતી. જેથી મુંદરા મરીન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# ભુજમાં ખિલખિલાટ સમર યોગા વિથ ગેમ્સનું આયોજન

**ઉમા યોગ કેન્દ્ર - ભુજ દ્વારા સાપ્તાહિક નિઃશુલ્ક સેમીનાર યોજાશે**

ભુજ : ઉમા યોગ કેન્દ્ર - ભુજ દ્વારા સાપ્તાહિક નિઃશુલ્ક સેમીનાર સાથે જીવન સમજણનો સેતુ વિષયક ખિલખિલાટ સમર યોગા વિથ ગેમ્સનું આયોજન કરાયું છે.

તા. ૨૬થી ૩૧/૫ સોમવાર થી શનિવાર સુધી દરરોજ સાંજે ૪-૩૦ થી ૬-૧૫ વાગ્યાં સુધી ઉમા યોગ કેન્દ્રના હોલમાં, બેક્સ કોલોની ખાતે આયોજન કરાયું છે.

જેમાં પ્રોજેક્ટ ચેરપર્સન યોગ ટીચર ભાવના એ. ઝવેરી દ્વારા ક્વોલિફાઈડ યોગટીચરોની ટીમ દ્વારા એરોબિક્સ, ઝુમ્બા, યાદ શક્તિ વધારવી, પ્રાણાયામ, મ્યુઝીકલ એકસરસાઈઝ,સૂર્ય નમસ્કાર, પ્રોપ્સ એકસરસાઈઝ, સી ટીમ પોલીસ કર્મચારીઓ દ્વારા ગુડ ટચ બેડ ટચ અને સેલ્ફ ડિફેન્સ અવરનેસ પ્રોગ્રામ, પપેટ શો, મ્યુઝિક મેલોડી, ક્લેપિંગ ડાન્સ, લેઝીમ એક્સરસાઈઝ, લાફિંગ થેરાપી, મેડીટેશન અને રોજ યુનિક ગેમ્સ અને રિફ્રેશ રહેવાની ટીપ્સ ૭ થી ૧૨ વર્ષના બાળકોને આપવામાં આવશે. નામ નોંધાવવા માટે મોબાઈલ નબર ૮૨૦૦૪૯૧૩૭૮નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.




# ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. હસ્તકની યોજના

## પ્રધાનમંત્રી ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝ યોજના (સ્હ્ફ્ઇ યોજના)





દેશભરમાં અસંગઠિત ખાધ પ્રોસેસિંગ ક્ષેત્રમાં આશરે ૨૫ લાખ ઉધોગો છે. કુલ એકમો પૈકી ૬૬% ગ્રામીણ ક્ષેત્રોમાં કાર્યરત છે. આ ઉધોગોને અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. આ બધી જ મુશ્કેલીઓમાં અત્યાધુનિક ટેકનોલોજી અને તેને સંલગ્ન સાધનો, તાલીમ, સંસ્થાકીય સહાયની ઉપલબ્ધતા, ઉત્પાદનની ગુણવત્તાના માપદંડોની જાણકારીનો અભાવ અને બ્રાન્ડીંગ અને માર્કેટિંગનો અભાવ વગેરે ખુબ મહત્વના પરિબળો છે. જેના કારણે આ અસંગઠિત ખાધ પ્રોસેસિંગ ઉધોગ પોતાની અનેકગણી ક્ષમતા પ્રમાણે વિકસિત થઈ શકતા નથી.આ મુશ્કેલીઓને દુર કરવા માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા આત્મનિર્ભર ભારત અભિયાન પેકેઝ અંતર્ગત પ્રધાનમંત્રી ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝ યોજના (PMFME) ભારત સરકાર દ્વારા ૨૦૨૦માં શરૂ કરવામાં આવેલી છે. આ યોજના નાના અને માઈક્રો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગોને ટેકો આપવા, તેમને ઔપચારિક બનાવવા અને બજારમાં સ્પર્ધાત્મકતા વધારવા માટે પ્રસ્તાવિત કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત મૂલ્યવર્ધન થતી ઉદાહરણરૂપ નીચેની ખાદ્ય પ્રોડક્ટ્સ આ યોજનામાં આવરી લેવામાં આવે છે.

**૧) ધાન્ય: દાળ, મિલ, ચોખામિલ, ખાખરા, પાપડ, રેડી ટુ કુક, બેકરી, કુકીસ, બિસ્કીટ, રેડી ટુ ઈટ, નમકીન વગેરે**

**૨) ફળ: જામ, જેલી, જ્યુસ, અથાણા, કેનિંગ, પલ્પીંગ, પ્યુરી, પેસ્ટ, પાવડર, રેડી ટુ સર્વ, રેડી ટુ ડ્રીંક, વગેરે.**

**૩) શાકભાજી: પાવડર, રેડી ટુ કુક, ફ્રોઝન શાકભાજી વગેરે.**

**૪) ડેરી: પનીર, ચીઝ, આઈસ્ક્રીમ, પાવડર, વગેરે**

**૫) મરી મસાલા: મસાલા પ્રોસેસીગ યુનિટ જેમ કે હળદર, મરચું, ધાણા જીરું પાવડર વગેરે**

**૬) તેલીબીયા: તલની ચીક્કી, સિંગની ચીક્કી, કચરિયું, ખાદ્ય તેલ, પનીર, બટર વગેરે.**

**યોજનાના લાભો :**

- વ્યક્તિગત કે ગ્રુપ (FPO, SHG અને કૉ-ઓપરેટીવ સોસાયટી) દ્વારા નિર્મિત ખાનગી માઈક્રો ફૂડ પ્રોસેસિંગ ઉધોગો (નવા અને હયાત ઉદ્યોગો) માટે ઉધોગ દીઠ પાત્ર પ્રોજેક્ટ ખર્ચના ૩૫% (મહત્તમ રૂ. ૧૦ લાખ) ક્રેડીટ લિંકડ સબસીડી આપવામાં આવે છે.
- કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચર : યોજનાના આધીન પાત્રતા ધરાવતા રૂ. ૧૦ કરોડ સુધીના પ્રોજેક્ટને પ્રોજેક્ટ ખર્ચના ૩૫% લેખે મહત્તમ રૂ. ૩ કરોડ સુધી ક્રેડીટ લિંકડ સબસીડી આપવામાં આવે છે.
- આ યોજના હેઠળ વર્કિંગ કેપિટલ તેમજ નાના સાધનોની ખરીદી માટે સ્વ-સહાય જૂથોના પ્રત્યેક સદસ્યને રૂ.૪૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે.
- માર્કેટ લિંકેજ, બ્રાન્ડિંગ અને પેકેજિંગ માટે સહાય
- લાભાર્થીઓને તાલીમની સુવિધા

**પાત્રતા (Eligibility):**

- નવા અને હયાત એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ સુક્ષ્મ ઉદ્યોગસાહસિકો (Micro Food Processing Units)
- એકમ અસંગઠિત હોવું જોઈએ તેમજ ૧૦ થી ઓછા કામદાર હોવા જોઈએ.
- અરજદાર ૧૮ વર્ષથી ઉપરના હોવા જોઈએ (પરિવારમાંથી કોઈ પણ એક સભ્યને આ યોજના અંતર્ગત લાભ મળી શકે છે)
- One District One Product (ODOP) હેઠળ આવતાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગોને પ્રાધાન્ય આપવામાં આવશે.

**યોજનાનો લાભ કોણ લઈ શકે?**

- વ્યક્તિગત કે ગ્રુપ (FPO, SHG અને કૉ-ઓપરેટીવ સોસાયટી) દ્વારા નિર્મિત એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગો

**અરજી કેવી રીતે કરશો?**

- સત્તાવાર વેબસાઈટ : https://pmfme.mofpi.gov.in
- જિલ્લા નાયબ બાગાયત કચેરી
- PMFME પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરવી.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# હસ્તકળાના વિકાસમાં મહત્વનું યોગદાન આપનારા અધિકારીનો વિદાય યોજાયો સમારંભ



ભુજ : 'કચ્છ હેન્ડીક્રાફટ મિત્ર' દ્વારા એલએલડીસી ક્રાફટ મ્યુઝિયમ, અજરખપુર ખાતે ડેવલપમેન્ટ કમિશ્નર ઓફિસ (હેન્ડીક્રાફટ) વિભાગના આસિસ્ટન્ટ ડાયરેક્ટર (સહ નિયામક) રવિવીર ચૌધરીનો વિદાય સમારંભ યોજાયો.

કચ્છમાં હસ્તકળા ક્ષેત્રે વિવિધ સંસ્થાઓ અને કારીગરો માટે કાર્યરત 'કચ્છ હેન્ડીક્રાફટ મિત્ર' સંગઠન દ્વારા ડેવલપમેન્ટ કમિશ્નર ઓફિસ (હેન્ડીક્રાફટ) - વિકાસ આયુક્ત (હસ્તકળા) વિભાગના આસિસ્ટન્ટ ડાયરેક્ટર (સહ નિયામક) રવિવીર ચૌધરીની જોધપુર-રાજસ્થાન ખાતે બદલી થતાં તેમનો એલએલડીસી, અજરખપુર ખાતે વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં દિપેશભાઈ શ્રોફ ચેરમેન શ્રુજન અને એલએલડીસી, પંકજભાઈ શાહ-કસબ, યોગેશભાઈ વાસવાણી - આસિ. કમિશ્નર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભુજ, નીરજ કુમાર સિંઘ- ડીડીએમ- નાબાર્ડ, ડૉ. મનિષભાઈ કંવાટ - વૈજ્ઞાનિક - સીએઝેડઆરઆઈ, મિતેશભાઈ ગામિત -એલડીએમ, મનોજભાઈ કૂંડું - એચપીઓ - દિલ્હી, આશુતોષભાઈ, એચપીઓ- ભુજ, મનોજ પાંડે- ડાયરેક્ટર સ્મૃતિવન ભુજ, તેરા ઠાકોર કુંવર હર્ષઆદિત્યરાજસિંહ, કાવ્યા સક્સેના, ઘટિતભાઈ- ખમીર સંસ્થા, હરિશભાઈ ઉરમાડે, સીએસઆર હેડ -આશાપુરા ઈન્ટરનેશનલ લિ., હિરેનભાઈ કોટડીયા, આર-સેટી-ભુજ, જામનગરથી પ્રજ્ઞેશભાઈ ચૌહાણ, પાટણથી દાદુજી ચાવડા, બનાસકાંઠાથી પ્રવીણભાઈ ગોરડીયા, સોમનાથથી વિક્રમભાઈ, અજરખપુરથી ડૉ.ઈસ્માઈલ ખત્રી, પાબીબેન રબારી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ હસ્તકલાના અન્ય કારીગરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રવિવીર ચૌધરીના સફળ નેતૃત્ત્વ હેઠળ કચ્છમાં હસ્તકળા ક્ષેત્રે આમૂલ પરિવર્તનો આવ્યાં છે. અજરખ બ્લોક પ્રિન્ટ, કચ્છી બાંધણી, કચ્છ રોગાન કળા વગેરે વિવિધ હસ્તકલાઓને ભૌગોલિક ઓળખાણ (જી. આઈ. ટેગ)મેળવવામાં તેમની મહત્વની ભૂમિકા રહી છે. તેમણે હસ્તકળાના તેમજ કારીગરોના સર્વાંગી વિકાસમાં સરકારી અને બિનસરકારી સંસ્થાઓને જોડીને મહત્વની ભૂમિકા ભજવી હતી. એ સિવાય એમણે કચ્છના દૂરવર્તી વિસ્તારોના કુશળ કારીગરોને હસ્તકળાના વિવિધ પ્રદર્શનો, કાર્યક્રમો વગેરેમાં ભાગ લેવા માટે પ્રેરિત કર્યા હતા અને તેમને યોગ્ય પુરસ્કારો મળે તે માટે પ્રયત્નો કર્યા હતા. તેઓ કચ્છમાં ૨૦૧૮ થી કાર્યરત હતા. આ ૭ વર્ષના સમયગાળા દરમિયાન તેમણે કચ્છના કારીગરો માટે ઘણા પ્રોજેક્ટ હાથ ધર્યા હતા. અજરખ, બાટિક વગેરે હસ્તકળા સાથે સંલગ્ન કારીગરોને પોતે બનાવેલ કપડાં પોતે જ પહેરીને તેનું પ્રમોશન કરે તે માટે પહેલ કરી હતી. તેમણે ભવિષ્યમાં પણ જે કોઈ નવા પ્રોજેક્ટ આવે તેમાં કચ્છી કારીગરો શક્ય એટલો વધુ લાભ મેળવે તે અંગે મદદ તથા માર્ગદર્શન પૂરાં પાડવાની તૈયારી દર્શાવી હતી. શ્રી ચૌધરીના કાર્યકાળ દરમ્યાન તેમના દ્વારા કરાયેલા કાર્યોને બિરદાવતાં દિપેશભાઈ શ્રોફે જણાવ્યું હતું કે આવા બાહોશ અને સક્રિય અધિકારી કચ્છને મળવા એ સૌભાગ્યની વાત છે. મનોજભાઈ કૂંડુંએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે શ્રી ચૌધરીએ કારીગરોને પોતાની કલાને પ્રોત્સાહિત કરવા માટે સૂચન કર્યું હતું અને તે મુજબ કારીગરોએ સહર્ષ સ્વીકારીને તેનો અમલ પણ કર્યો છે. અજરખપુરના ડો. ઈસ્માઈલ ખત્રીએ જણાવતા કહ્યું હતું કે રવિવીર ચૌધરીના માર્ગદર્શન હેઠળ કચ્છની હસ્તકળા અને તેના કારીગરોનો સર્વાંગી વિકાસ થઈ શક્યો છે. કાર્યક્રમમાં દાદુજી સોઢા, વિક્રમભાઈ, પાબીબેન, ગુલામહુશેનભાઈ, ગફુરભાઈ, માજીખાન મુતવા વગેરે કારીગરોએ રવિવીર ચૌધરી સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા અને તેમની કામગીરીને બિરદાવી હતી.

કાર્યક્રમના અંતમાં રવિવીર ચૌધરીએ કચ્છમાં પોતાની કર્મયાત્રા વર્ણવતા જણાવ્યું હતું કે કચ્છ સાથે હંમેશા જોડાયેલો રહીશ. તેમણે હસ્તકળાના કારીગરો સાથે કરેલ કાર્યો અને અનુભવોને યાદ કરતાં જણાવ્યું હતું કે કચ્છ સાથે ઘણાં અનમોલ સંસ્મરણો જોડાયેલા છે. કચ્છની હસ્તકળા સંલગ્ન સંસ્થાઓ તેમજ કારીગરોએ વિવિધ ભેટસોગાદો આપીને તેમનું સન્માન કર્યું હતું અને ભાવભરી વિદાય આપી હતી. કાર્યક્રમનું સમગ્ર સંચાલન એલ. એલ. ડી. સી.ના પી. આર., ઈવેન્ટ અને આઈ. ટી. વિભાગના હેડ મહેશભાઈ ગોસ્વામી અને એચ. આર. હેડ ભૌતિકભાઈ વૈષ્ણવે કર્યું હતું. આભારવિધિ દાદુજી સોઢાએ કરી હતી. વિવિધ સંસ્થાઓની ટીમે કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપ્યો હતો.

# તેરાપંથ યુવક પરિષદ ભુજ દ્વારા નિયમિતપણે યોજાતાં બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૫૦૦ બોટલ બ્લડ એકત્રિત કરાયું



ભુજ : જૈન શ્વેતાંબર તેરાપંથ ધર્મસંઘ ભુજની સંસ્થા તેરાપંથ યુવક પરિષદ ભુજ દ્વારા ભારતમાં હાલમાં જે પરિસ્થિતિ ઉભી થઈ હતી તેના માટે જીવન જ્યોત સંસ્થા સાથે રક્તદાન કેમ્પ લગભગ છેલ્લા તેર વર્ષોથી નિયમિતપણે દર ત્રણ મહિને આયોજિત કરવામાં આવે છે. જેમ વચ્ચે વચ્ચે તો વિશ્વસ્તરિય કેમ્પોનું આયોજન પણ કરેલ છે. અત્યાર સુધી ૧૫૦૦થી પણ વધુ બોટલ રક્ત એકત્રિત કરીને જીવન જ્યોત બ્લડ બેંકના માધ્યમથી જરૂરિયાતમંદો લોકોને પહોચાડવાનું આ ભગીરથ કાર્ય આ સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ સંસ્થા અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ જૈન શ્વેતાંબર તેરાપંથ સંપ્રદાયના યુવાનો માટેની એક સામાજિક સંસ્થા છે, જે યુવા સશક્તિકરણ અને સેવાકાર્યમાં જોડાયેલી છે. આ સંસ્થા જૈન મૂલ્યોના પ્રચાર-પ્રસાર, યુવાનો વચ્ચે સૌહાર્દ વધારવા અને વિવિધ સમાજહિતની પ્રવૃત્તિઓમાં ભાગ લે છે જેની મુખ્ય પ્રવૃત્તિઓ છે સેવા અને સામાજિક કામો જેમાં એબીટીવાયપી દ્વારા રક્તદાન શિબિરો, તબીબી ચકાસણી કેમ્પો અને વ્યસન મુક્તિ કાર્યક્રમો આયોજિત થાય છે. ઉપરાંત, જરૂરિયાતમંદોની મદદ, રાષ્ટ્રીય પ્રસંગો દરમિયાન સેવા અને કુદરતી આફતો કે રાષ્ટ્રીય દુઃખની ક્ષણોમાં સહાય પણ કરવામાં આવે છે તથા યુવા સશક્તિકરણ અને મૂલ્ય શિક્ષણ જેમાં એબીટીવાયપી યુવાનોમાં જૈન તત્વો અને સિદ્ધાંતોને સ્થિર કરવાના હેતુથી તાલીમ કેમ્પો, કાર્યક્રમો અને પ્રેક્ષાધ્યાન જેવી ધ્યાન પ્રવૃત્તિઓ આયોજિત કરે છે આ સંગઠન એટલે કે આ સંસ્થા સમગ્ર વિશ્વના તેરાપંથ યુવાઓને જોડવા અને ભાઈચારો વધારવાના પ્રયત્નો કરે છે.

વિશિષ્ટ કાર્યક્રમો પણ યોજે છે જેવા કે મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવ એટલે કે રાષ્ટ્રીય સ્તરે યોજાતી આ પહેલે ગ્રિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે.આચાર્ય તુલસી ડાયગ્નોસ્ટિક સેન્ટર્સઃ આ ફેસિલિટીઝ સસ્તા દરે તબીબી ચકાસણીઓ માટે કાર્ય કરે છે તેમજ યુવા વાહિની એટલે કે યુવાઓ માટેનો એક કાર્યક્રમ, જે મૂલ્યપ્રેરણા અને નેતૃત્વ વિકસાવવા પર આધારિત છે. સરગમ કે સંગીતક્ષેત્રમાં તેરાપંથ યુવાઓની કલા દર્શાવવા માટેનો મંચ છે. કોન્ફિડન્ટ પબ્લિક સ્પીકિંગ કે જે યુવાઓમાં ભાષણ કૌશલ્ય અને આત્મવિશ્વાસ વિકસાવવા માટેનો કાર્યક્રમ છે.પર્સનાલિટી ડેવલપમેન્ટ કે જે યુવાઓના વ્યકિતત્વ વિકાસ માટે વર્કશોપ્સ અને તાલીમ કાર્યક્રમો કરાવે છે.તેમજ આ સંસ્થાના અન્ય કાર્યોમાં સમગ્ર ભારતભરમાંથી સામાજિક જનજાગૃતિ દ્વારા લગભગ ૧૦૦૦ થી પણ વધુ નેત્રદાન આવે છે તથા દેહદાન, અંગદાન, પેથોલોજી લેબ બનાવવી અને અન્ય અનેક સામાજિક તથા ધાર્મિક પ્રવૃત્તિઓમાં સાધુ સાધ્વી ભગવંતોની રસ્તાની, ગોચરની સેવા, જૈન સંસ્કાર વિધિ દ્વારા જન્મદિવસ, ગૃહપ્રવેશ, લગ્ન, દિવાળીનું ચોપડાપુજન, રક્ષાબંધન વિગેરે પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે.તેવું એક યાદીમાં મહેશ પ્રભુલાલ મહેતાએ જણાવ્યું હતું.

# ભુજની સરકારી પોલીટેકનિક કોલેજે મેળવ્યું શૈક્ષણિક ગૌરવ

**સિવિલ અને ખનિજ ઈજનેરી શાખાને એનબીએ માન્યતા સાથે રાજ્યકક્ષાનું સન્માન**

ભુજ : શહેરની સરકારી પોલીટેકનિક કોલેજે ટેકનિકલ શિક્ષણના ક્ષેત્રમાં કચ્છનું ગૌરવ વધારતું મહત્વપૂર્ણ સન્માન મેળવ્યું છે. અમદાવાદમાં ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટીના ૧૮મા સ્થાપના દિવસ નિમિત્તે યોજાયેલા રાજ્યકક્ષાના સમારંભમાં શૈક્ષણિક ગુણવત્તા માટે પસંદ કરાયેલી સંસ્થાઓમાં ભુજની કોલેજનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે કોલેજના સ્થાપિત અને સફળ અભ્યાસક્રમો પૈકી ડિપ્લોમા સિવિલ ઈજનેરી અને માઈનિંગ ઈજનેરી શાખાને એનબીએ એટલે કે રાષ્ટ્રીય પ્રમાણપત્ર માન્યતા અપાઈ હતી. આ સન્માનપ્રદ પ્રમાણપત્ર કોલેજના આચાર્ય ડૉ. ગૌરાંગ લાખાણીએ સૌની હાજરીમાં સ્વીકાર્યું હતું. આ પ્રસંગે ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટીની કુલપતિ ડૉ. રાજુલબેન ગજ્જર, જામનગરની સંશોધન સંસ્થાના વડા ડૉ. અસિતકુમાર દસ, શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. અતુલ કોઠારી, યુનિવર્સિટીના મુખ્ય અધિકારી ડૉ. કે. એન. ખેર અને રાજ્યભરના વિવિધ ટેકનિકલ શિક્ષણ સંસ્થાના આચાર્યો, સંચાલકો તથા શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા. ભુજની આ સરકારી કોલેજ અગાઉ વર્ષ ૨૦૨૨માં મિકેનિકલ, કોમ્પ્યુટર અને વિદ્યુત ઈજનેરીના અભ્યાસક્રમોમાં એનબીએ માન્યતા મેળવી ચૂકી છે. હવે વર્ષ ૨૦૨૫માં વધુ બે શાખાઓ સિવિલ અને માઈનિંગ ઈજનેરીને મળેલી માન્યતાએ દર્શાવે છે કે કોલેજ સતત ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ આપી રહી છે અને ધોરણસરના માપદંડો પાલન કરી રહી છે. એનબીએ જેવી રાષ્ટ્રીય માન્યતા સંસ્થાને મળવી એ માત્ર શૈક્ષણિક સિદ્ધિ નથી, પરંતુ તે વિદ્યાર્થીના ભવિષ્ય માટે ઉત્તમ માર્ગ મોકળો કરે છે. આવા અભ્યાસક્રમો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને નોકરીના અવસરોમાં પણ વિશેષ મહત્વ મળતું હોય છે અને તેઓ નિકટ ભવિષ્યમાં ઉદ્યોગ જગતમાં વધુ મજબૂતીથી પગ મૂકતાં હોય છે. એક સમય હતો જ્યારે ભુજ જેવા વિસ્તૃત પ્રદેશમાં ટેકનિકલ શિક્ષણના શ્રેષ્ઠ માપદંડો દૂરના સપનાં હતાં. આજે સરકારી પોલીટેકનિક કોલેજે એક પછી એક સિદ્ધિઓ મેળવી કચ્છ જિલ્લાના વિદ્યાર્થીઓ માટે ઉત્તમ શૈક્ષણિક દિશા ઉભી કરી છે. સન્માનથી પ્રેરાય ભવિષ્યમાં વધુ શાખાઓ અને વધુ વિદ્યાર્થીઓ દેશના નિર્માણમાં યોગદાન આપી શકે તે દિશામાં પ્રયાસો ચાલુ રહેશે.




































# નડીયાદ સાયબર ત્રાસવાદકાંડમાં કચ્છ કડીની આશંકા

# સરહદી વિસ્તારમાંથી નાપાક તત્વો સાથે કોની સંડોવણી?



**ભારત અને રાજ્ય સરકારની વિવિધ ૫૦થી વધુ વેબસાઈટો ઉપર સાયબર એટેક કર્યો હતો : ટેલિગ્રામ ગ્રુપ બનાવીને ભારત વિરોધી ઉશ્કેરણીજનક લખાણો પોસ્ટ કર્યા હતા : મોબાઈલ તપાસતા કચ્છ સહિતના સરહદી વિસ્તારના લોકોના ફોન નંબર મળી આવતા એજન્સીઓએ તપાસ લંબાવી**

ગાંધીધામ : ભારતની સુરક્ષા કાજે મહત્વપૂણ અને વ્યુહાત્મક રીતે પણ અતિ સંવેદનશીલ એવા કચ્છ જિલ્લામાં નાપાક અડવીતરાઓની કડીઓ સમયાંતરે સામે આવવા પામી જ રહેતી હોય છે. દરમ્યાન જ હવે વધુ એક વખત નડીયાદમાં સાયબર ત્રાસવાદ કાંડનો એટીએસ દ્વારા ખુલાસો કરવામા આવ્યો છે ત્યારે વધુ એક વખત કચ્છ કનેકશન સામે આવવા પામી ગયું હોવાના અહેવાલો સામે આવી રહ્યા છે. થોડા દિવસો પહેલા ભારતીય સેના દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન સિંદૂર સમયે સાયબર એટેક કરનાર નડીયાદના એક યુવાન અને કિશોરની એટીએસની ટીમે ધરપકડ કરીને નડીયાદ કોર્ટમાં રજુ કરીને પાંચ દિવસના રીમાન્ડ પર મેળવ્યા છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે, યુવકના મોબાઈલમાં કચ્છ સહિતના સરહદી વિસ્તારના લોકોના ફોન નંબર છે. આ યુવક લોકો સાથે સંપર્કમાં હતો. સરહદી વિસ્તારમાં એજન્સીની માહિતી મેળવી હતી કે કેમ ? તે સહિતની દીશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. નડિયાદમાં મીલ રોડ પર કલ્યાણ કુંજની સામે રહેતા ૧૮ વર્ષીય જસીમ શાહનવાઝ અંસારી અને એક કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરે ટેલીગ્રામ ગૃપ બનાવી ભારત દેશની અલગ અલગ વેબસાઈટોને ડીડીઓએસ એટેક દ્વારા ડાઉન કરવાનો પ્રયત્ન કર્યો હતો અને દેશ વિરોધી પ્રવૃતિ કરી હતી. આ સાથે તેનો સ્કીનશોટ લઈ તેમાં નીચે ભારત દેશ વિરોધી ઉશ્કેરણીજનક લખાણો એક ટેલીગ્રામ ગૃપમાં મૂક્યા હતાં. ગુજરાત એટીએસની ટીમને આ સાયબર એટેકની પ્રવૃત્તિની જાણ થતાં જ નડીઆદમાં છાપો મારીને બન્નેને અટકાયતમાં લીધા હતા. પોલીસે શકમંદ ઈસમ જસીમ શાહનવાઝમાં અંસારી તથા અન્ય કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરના મોબાઈલ જપ્ત કરીને એફએસએલ ગાંધીનગર ખાતે તપાસ માટે મોકલવામાં આવ્યા હતાં. એફ.એસ. એલ. ગાંધીનગરના રીપોર્ટમાં ઉપરોક્ત માહિતીની ખરાઈ થઈ જતા જસીમ શાહનવાઝ અંસારી (ઉવ. ૧૮, અભ્યાસ)ની પુછપરછ કરી હતી. જેમાં જણાવાયું હતું કે આ જસમી અને અન્ય કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે ભેગા મળી સાયબર વોર છેડવા અને ભારત સરકારની વેબસાઈટો ટાર્ગેટ કરવાનો અને ભારત સરકાર તથા વિવિધ રાજ્ય સરકારોની વેબસાઈટોને ડાઉન ડી.ડી.ઓ. એસ. સાયબર ટેરર એટેક કરતા હતાં. આ ઈસમો ચાલુ માસ અને એપ્રિલ માસમાં ભારત સરકાર તથા રાજ્ય સરકારોની વિવિધ ૫૦થી પણ વધારે વેબસાઈટ ઉપર સાયબર એટેક કર્યો હતો. ત્યારબાદ ઈસમો દ્વારા તેના સ્ક્રીનશોટ ટેલીગ્રામ ચેનલ ઉપર પોસ્ટ કરી તેની સાથે ભારત વિરુદ્ધ ઉશ્કેરીજનક લખાણ પોસ્ટ કર્યા હતાં. હાલમાં એના સંપર્કમાં સૌરાષ્ટ્રના દરિયાકાંઠા, બનાસકાંઠા, પાટણ અને કચ્છના સરહદી વિસ્તારના લોકોના ફોન નંબર મળ્યા છે એની તપાસ ચાલી રહી છે. એટીએસના અધિકારીના જણાવ્યા અનુસાર આ બંને ટૂલને ક્લોન કરીને સાયબર હુમલા કરવામાં આવે તો એને પકડવો મુશ્કેલ બને છે. આ લોકોએ એક સાથે ૫૦ સાઈટ પર એટેક કર્યો હતો જેમાં સંરક્ષણ, ફાયનાન્સ , વિમાની સેવા અને શહેરી વિકાસની સાઈટ પર ડિસ્ટ્રિબ્યુટેડ ડિનાયલ -ઓફ-સર્વિસીસ એટેકથી (ડીડીઓએસ) વેબસાઈટ હેક કરવાનો પ્રયાસ કર્યો હતો. કેટલાક સંવેદનશીલ ડેટાના ફોટા પડી ટેલિગ્રામ ચેનલથી પાકિસ્તાન મોકલ્યા હતા. એટીએસ આ કિશોર અને જસીમ અન્સારી સાથે બીજા કેટલા લોકો જોડાયા છે. એની તપાસ કરી રહી છે. હાલના સમયમાં આતંકવાદી નહીં પરંતુ સાયબર હુમલાથી પણ બચવું જરૂરી છે. આ પ્રમાણે સાયબર ત્રાસવાદી દેશમાંથી પકડાયો છે. એક તરફ મહિલા યુ-ટ્યુબર દ્વારા કરવામાં આવતી જાસુસીનો પર્દાફાશ થયો જે બાદ નડીયાદમાં પણ દેશ વિરોધી કામ કરતો યુવક પકડાયો છે. સેના બોર્ડર પર દુશ્મન દેશને લપડાક આપે છે પરંતુ દેશમાં રહેતા ગદારોને પણ સામે લાવવા જરૂરી છે. પોલીસ દ્વારા કરવામાં આવતી કાર્યવાહીને પગલે ગદારોમાં પણ છુપો ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

**ખાટલે મોટી ખોટ :** નડીયાદના સાયબર ત્રાસવાદી શખ્સની સાથે છેવાડાના કચ્છના કોઈ તત્વોના સંપર્ક હતા, તેનો ખુલાસો એટીએસએ આ પ્રકરણનો ખુલાસો કર્યો ત્યારે થવા પામ્યો છે, તો **કચ્છમાં દેશભરની એજન્સીઓ જે ધામા નાખીને બેઠી છે તે શું અગરબત્તી કરવા છે?** કેમ કચ્છની કોઈ એજન્સીને છેવાડાના સીમાડાના શખ્સો નડીયાદમાથી ઝડપાયેલા શખ્સના સંપર્કમા છે તેનો ખુલાસો ન કરી શકયા? **શું આઈબી સહિતની અમુક એજન્સીઓના અધિકારીઓને માત્ર તેલ-બેઝઓઈલના બેનામી ધંધાઓ માટે જ અહી મુકાયેલી છે?, બેનામી ધંધાઓના હપ્તા ખાવ તેનો વાંધો નથી પરંતુ દેશહિતનો વિષય છે તેમાં તો ગાફેલ ન રહો..?** તેમાં તો ઉંઘતા ન રહો..! : દેશ સેવાની તક આવી વારંવાર નથી મળતી?

## કચ્છઉદયએ ચેતવ્યા હતા, જુઓ ઠર્યુ ને અક્ષરઃસ સાચુ..




ઓપરેશન સિંદુર વખતે કચ્છઉદય દ્વારા તા.૯-૫-૨૫ ના પાના... ન..૫ પર જોજો ખાળે ડુચ્ચા અને દરવાજા મોકળાનો તાલ ન થાય, ઘરના ઘાતકી-ગદ્દારો ફાવી ન જાય તેવી લાલબત્તી ધરી હતી, કચ્છની એજન્સીઓના કાન પણ તે વખતે આમળ્યા હતા, કલેકટરશ્રીને ઈજન કરાયુ હતુ કે એજન્સીઓને જગાડતા રહે, જુઓ હવે નડીયાદ સાયબર ત્રાસવાદી પ્રકરણમાં છેવાડાના કચ્છના લોકોનો સંપર્ક ખુલ્યો ને..?

**હજુ ચેતો, જિલ્લામાં સ્લીપર સેલો સક્રીય નથી ને...! બાજનજર રાખો....**

# સતાપર ગોવર્ધન પર્વતનું ૧૯ કરોડના ખર્ચે પ્રવાસન વિભાગ દ્વારા નવિનીકરણ





**પ્રવાસન વિભાગની ટીમે સ્થાનિકે કામગીરીનું નિરીક્ષણ કર્યું**

અંજાર : તાલુકાના સતાપર પાસેના ગોવર્ધન પર્વત ખાતે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવી રહ્યા છે. આ સ્થળનો વધુ સારી રીતે વિકાસ થાય અને પર્યટકોને તેનો લાભ મળે તે હેતુસર ગુજરાત રાજય સરકારના પ્રવાસન નિગમ દ્વારા એક પ્રોજેક્ટ તૈયાર કરી રૂપિયા ૧૯ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે તે સંબંધીત ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કરવા ગાંધીનગરથી પ્રવાસન નિગમની એક ટીમ આવી હતી, જેમાં ટીમના એન. એન. પટેલ અને હર્ષભાઈએ પ્રથમ ધારાસભ્ય ત્રિકમભાઈ બી. છાંગાની તેમના કાર્યાલય મધ્યે મુલાકાત લીધી હતી. તે સમયે ભાજપના આગ્રણી ડેનિભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. ગોવર્ધન પર્વતના સમગ્ર પ્રોજેક્ટ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ટીમ દ્વારા ગોવર્ધન પર્વતની મુલાકાત લેવામાં આવી હતી. જ્યાં સચ્ચિદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસજી મહારાજે ટીમના સભ્યોને આશિર્વચન પાઠવ્યા હતા. ત્યાં ચાલી રહેલ વિકાસની કામગીરીનું ટીમ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઉપરાંત જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા.

# આવતીકાલે સામખિયાળી રેલવે સ્ટેશનનું પીએમ મોદીના હસ્તે લોકાર્પણ

**૧૩.૪૫ કરોડના ખર્ચે અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત કરાયું નવીનિકરણઃ કચ્છના પ્રવેશદ્વારે ઉભી કરાયેલી સેવાના ઉદઘાટન પ્રસંગે સાંસદ સહિતના રહેશે હાજર**



ભચાઉ : ઓપરેશન સિંદુર બાદ પ્રથમવાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કચ્છ સહિત ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. જેમાં તા. ૨૬મી કચ્છની મુલાકાતે લેવાના છે. તે પહેલા આવતીકાલે ૨૨મી તારીખે અમૃત ભારત રેલવે સ્ટેશન યોજના અંતર્ગત ૧૩.૪૫ કરોડના ખર્ચે નિર્મિત સામખિયાળી રેલવે સ્ટેશનનું વીડિયો કોન્ફરસીંગના માધ્યમથી ઉદ્દઘાટન કરવામાં આવશે. આ પ્રસંગે સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, વિરેન્દ્રસિંહ જાડેજા સહિતના હાજર રહેશે. પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં અમૃત ભારત યોજના હેઠળ સમાવિષ્ટ રેલવે સ્ટેશનો પૈકી એક માત્ર સામખિયાળી રેલવે સ્ટેશનનું ઉદઘાટન કરવામાં આવશે. અહિયાં દરરોજ ૭૦૦-૧૦૦૦ મુસાફરોની અવર-જવર છે. સ્ટેશન પર સ્ટોપેજ કરનારી ટ્રેનોની સંખ્યા ૪૮ છે. પ્લેટફોર્મ ૧ ને પ્લેટફોર્મ ૨ અને ૩ સાથે જોડતો એક ફૂટ ઓવરબ્રિજનો વિસ્તાર કરીને તેને પ્લેટફોર્મ ૪ અને ૫ સાથે જોડવામાં આવ્યો છે. આ સ્ટેશનમાં નવીનિકરણના ભાગરૂપે વિશાળ પાર્કિંગ સુવિધા, આકર્ષક પ્રવેશદ્વાર, આધુનિક શૌચાલય, દિવ્યાંગજનો માટે સુવિધા, ફૂડ પ્લાઝા, ૪,૯૦૮ વર્ગ મીટર એરિયામાં પ્લેટફોર્મ શેડ તેમજ સ્ટેશન પર અલગ અલગ જગ્યાએ કચ્છી મડવર્કથી સુશોભન તેમજ કચ્છના વિવિધ પ્રવાસન સ્થળોની ઝાંખી સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

### મથલ પાસે બે ટ્રેલર અને બે કાર અથડાયા



નખત્રાણા તાલુકાના મથલ પાસે આજે બુધવારે બપોરે વિચિત્ર અકસ્માત થયો હતો, જેમાં બે ટ્રેલર અને બે કાર એકમેકમાં અથડાયા હતા. તાત્કાલિક સ્થાનિક લોકો દોડી જતા કારમાં સવાર ઈજાગ્રસ્ત બે વ્યક્તિઓને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતા. ચાર વાહનો ભટકાતા રોડ પર ટ્રાફિકજામ થઈ જવા પામ્યો હતો. સ્થાનિકોએ ટ્રાફિક ક્લિયર કરાવવાની જહેમત કરી હતી. સદ્દનસીબે બનાવમાં મોટી નુકસાની થઈ નથી. વાહનોમાં નુકસાની સાથે લાઈટનો થાંભલો પડી ગયો હતો.

# ભુજ-નલિયા વચ્ચે પેસેન્જર ટ્રેનનું સફળ પરીક્ષણ થતા આશા બંધાઈ




**પશ્ચિમ રેલવે દ્વારા ઈલેક્ટ્રીક એન્જીન સાથે ભુજથી નલિયા સુધી અને નલિયાથી ભુજ સુધી ટ્રેન દોડાવાઈ : સંપૂર્ણ ગુજરાતમાં ઈલેક્ટ્રીફીકેશનનું કાર્ય આ સાથે પૂર્ણ થયું**

નલિયા : ભુજ - નલિયા વચ્ચે પાટા પથરાઈ ગયા બાદ છ મહિના પહેલા વડાપ્રધાન દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારથી ભુજ - નલિયા વચ્ચે ટ્રેન દોડાવવા માટે માંગ ઉઠી રહી છે. આ વચ્ચે ઈલેક્ટ્રીફીકેશનનો કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. આજે પશ્ચિમ રેલવે દ્વારા ભુજથી નલિયા અને નલિયાથી ભુજ વચ્ચે પેસેન્જર ટ્રેન દોડાવી ઈલેકટ્રીફીકેશનનું સંપૂર્ણ પરીક્ષણ કરવામાં આવતા ટુંક સમયમાં ટ્રેન સેવા શરૂ થવાની આશા બંધાઈ છે. ભુજથી સવારે ૯ કલાકે ટ્રેન ઉપડી હતી. રસ્તામાં આવતા સુખપર, સણોસરા, મોથાળા સહિત તમામ સ્ટેશનોએ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્રણ કલાક પછી આ ટ્રેન નલિયા સ્ટેશને પહોંચી હતી. જયાં પણ જરૂરી ગતિવિધિ ચકાસવામાં આવી હતી. ૯૦ની ઝડપે આ ટ્રેન દોડશે. ભુજ - નલિયા વચ્ચે અંતર કાપતા ૨ કલાકનો સમય થશે. હાલ ભુજ - નલિયા ઈલેક્ટ્રીફીકેશનને ભચાઉમાંથી વીજ પુરવઠો પુરો પાડવામાં આવશે. પશ્ચિમ રેલવેના વડી કચેરીના પ્રિન્સીપલ ચીફ ઈલેક્ટ્રીક એન્જીનીયર રંજન શ્રીવાસ્તવે જણાવ્યું કે, રસ્તામાં પરીક્ષણ દરમ્યાન ત્રણ થી ચાર સુધારા જણાયા છે. જે બાબતે સુચના આપી દેવાઈ છે. આગામી બે - ત્રણ દિવસોમાં રીપોર્ટ તૈયાર કરી સોંપી દેવામાં આવશે. મહદઅંશે પરીક્ષણ સફળ રહેતા આગામી ટુંક સમયમાં ભુજ - નલિયા વચ્ચે પેસેન્જર ટ્રેન દોડે તેવી ગતિવિધિ જોવા મળી રહી છે. આ તકે અમદાવાદ ડીવીઝનમાંથી રેલવેના વરિષ્ઠ અધિકારી ઉપરાંત નલિયા સ્ટેશનના માસ્તર અમિતકુમાર, નિરજકુમાર સહિતના હાજર રહ્યા હતા. મોટી સંખ્યામાં લોકો પણ નલિયા સ્ટેશને ટ્રેન જોવા માટે આવી પહોંચ્યા હતા. આગામી ૨૬ તારીખે વડાપ્રધાન ભુજ આવી રહ્યા છે ત્યારે તેઓ દ્વારા ભુજ - નલિયા વચ્ચે પેસેન્જર ટ્રેનની જાહેરાત કરવામાં આવશે તેવી શકયતાઓ જોવા મળી રહી છે.

### ભુજ નગરપાલિકામાં કારોબારીની બેઠક મળી



એકતરફ તંત્ર દ્વારા વડાપ્રધાનના કચ્છના આગમનની તૈયારીઓનો ધમધમાટ જોવા મળી રહ્યો છે તો બીજીતરફ નગરપાલિકાની કારોબારી બેઠક મળી હતી. જેમાં શહેરને સતાવતી ગટર, પાણીની સમસ્યા અંગે ચર્ચા કરી તેને દૂર કરવાના પ્રયાસો હાથ ધરાયા હતા. ભુજ શહેરના વધુ વિકાસ કામો હાથ ધરાશે તેવું જાણવા મળ્યું છે. આ વેળાએ કારોબારી ચેરમેન મહિદીપસિંહ જાડેજા, સમિતિના સભ્યો ધીરેન લાલન સહિતના સભ્યો, ઈન્ચાર્જ ચીફ ઓફીસર અનીલ જાદવ ઉપરાંત ઈજનેરો બેઠકમાં હાજર રહ્યા હતા.

## વરસાદની આગાહી વચ્ચે બફારાથી લોકો પરસેવે ન્હાયા

ભુજ : નૈઋત્યના ચોમાસાનું આગમન થાય એ પહેલાં જ વરસાદી માહોલ છવાયો છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી કચ્છમાં ક્યાંક છૂટાછવાયા તો ક્યાંક ભારે વરસાદની આગાહી કરી છે. ગુજરાત પર હાલ એકસાથે બે સિસ્ટમ સક્રિય થઈ હોવાને કારણે ૨૬ મે સુધી વરસાદી માહોલ રહેશે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.એકસાથે બે વરસાદી સિસ્ટમ હાલ સક્રિય છે, જેમાં એક સિસ્ટમ રાજસ્થાન તરફ, જ્યારે બીજી અરબી સમુદ્રના સક્રિય પ્રવાહમાં, જેમાં હાલ અરબી સમુદ્રમાં અપર એર સાઈક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે. સાઈક્લોનિક સર્ક્યુલેશનમાં ૨૨ મેની આસપાસ લો પ્રેશર સિસ્ટમ બનશે. વરસાદની આગાહી વચ્ચે સવારથી અસહ્ય બફારો નોંધાઈ રહ્યો છે.

### પિંગલેશ્વર પાસે ચરસના વધુ સાત પેકેટ મળી આવ્યા

ભુજ : અબડાસા તાલુકાના પિંગલેશ્વર લેન્ડીંગ પોઈન્ટથી રાવળપીર મંદિર વચ્ચેના દરિયા કિનારા પર જખૌ પોલીસ અને એસઓજીના સંયુક્ત પેટ્રોલીંગ દરમ્યાન ચરસના ૭ પેકેટ મળી આવ્યા હતા. આ સાત પેકેટ કબ્જે કરી જખૌ પોલીસ દ્વારા જાણવાજોગ દાખલ કરવામાં આવી છે. મે મહિના પ્રથમ સપ્તાહ દરમ્યાન ચરસના ૨૮ પેકેટ મળી આવ્યા હતા. ઓપરેશન સિંદુર દરમ્યાન પેકેટ મળી આવવાનો સિલસિલો શાંત થયો હતો, જે બાદ ફરી એકવાર બિનવારસુ પેકેટ મળી રહ્યા છે.

### કેન્દ્ર સરકારે ૩ આઈપીએસને ગુજરાત કેડર ફાળવી

ગાંધીનગર : કેન્દ્ર સરકારના ગૃહવિભાગના સચીવ સંજીવકુમારના આદેશથી ત્રણ આઈપીએસ અધિકારીઓ ગુજરાત કેડર ફાળવાઈ છે. જેમાં હેતલ સી પટેલ, અમિતા કેતન વાનાણી તથા વસંતકુમાર કે નાઈનો સમાવેશ થવા પામી રહ્ય છે. આ અધિકારીનો એક વર્ષનો પ્રોફેસન કાળ રહેશે.

## દરીયાઈ સુરક્ષા-આતંકવાદ સામે વ્યુહરચના રાષ્ટ્રીય સુરક્ષા માટે ખુબ જ જરૂરી

**સંયુકત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ પી.હરીશે યુએનએસીની ઉચ્ચસ્તરીય ખુલીલીમાં ચર્ચામાં કરી સ્પષ્ટ વાત**

નવી દીલ્હી : ભારતે સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદને જણાવ્યું છે કે દરીયાઈ સુરક્ષા અને આતંકવાદ સામેની લડાઈ તેની રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક હિતો માટેમહત્વપૂર્ણ છે. ઈન્ડો-પેસિફીક ક્ષેત્રમાં બદલાતી પરિસ્થિતીઓ અને નવા જોખમોને ધ્યાનમાં રાખીને ભારત અને તેની વ્યુહરચનાઓને સતત આધુનિક બનાવી રહ્યું છે. સંયુકત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધી પી. હરીશે યુએનએસસીની ઉચ્ચ સ્તરીય ખુલ્લી ચર્ચામાં આ વાત કહી છે.

### ભચાઉ શાકમાર્કેટમાં આગનું છમકલું



ભચાઉમાં આવેલી શાકમાર્કેટમાં ગઈકાલે રાત્રિના સમયમાં અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિકોએ ભચાઉ ફાયર વિભાગને જાણ કરતા ટીમ પહોંચે તે પહેલા પચાસ ટકા જેટલી આગને સ્થાનિકોએ કાબુમાં લીધી હતી. બાકીની આગ પર ફાયર ટીમે કાબુ મેળવ્યો હતો. આગ લાગવાનું ચોક્કસ કારણ અને જાનમાલના નુકસાની અંગેની સત્તાવાર માહિતી મળી ન હતી.

# અંજારની દિકરીએ યુપીએસસી ક્રેક કરી ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસમાં ૮૨ મો રેન્ક મેળવ્યો



**ધો. ૧૦ માં કચ્છમાં પ્રથમ નંબરે આવનાર દીપાલી હડીયાએ નાનપણથી સેવેલું સપનું સઘન મહેનતથી સાકાર કર્યું**

ભુજ : યુનિયન પબ્લીક સર્વિસ કમીશન યુપીએસસી દ્વારા ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસની પરીક્ષાનું પરીણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ઓલ ઈન્ડિયા લેવલે ૧૪૩ ઉમેદવારો પસંદ થયા છે. જેમાં ગુજરાતના ૬ ઉમેદવારોનો સમાવેશ થાય છે. જેમાંથી કચ્છમાંથી એકમાત્ર અંજારની દિપાલી બિંદુભાઈ હડીયાએ આ પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ દેશભરમાં ૮૨ મો રેન્ક પ્રાપ્ત કરી પરિવારની સાથે સોરઠીયા આહીર સમાજ અને કચ્છનું ગૌરવ વધાર્યું છે.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ યુપીએસસી દ્વારા ૧૬ જૂને પ્રીલીમ એકઝામ લેવાઈ હતી. તેમાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીઓની મેઈન એકઝામ ૨૪ નવેમ્બરથી ૧ ડિસેમ્બર સુધી લેવાઈ હતી. પાસ ઉમેદવારોના ૨૧ એપ્રીલથી ૨જી મે સુધી ફાઈનલ ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. જેમાં અંજારની દીપાલી હડીયા ઉત્તિર્ણ થઈ છે. તેણે ધો. ૧ થી ૧૦ સુધી અંજારની કે.જી. માણેક સ્કૂલમાં અને ધો. ૧૧ - ૧૨ માં ગાંધીધામ ફયુઝન સ્કુલમાં અભ્યાસ કરી અમદાવાદ ખાતે બીએસસી કરી સ્પીપા ખાતે પ્રવેશ મેળવી યુપીએસસી પરીક્ષાની તૈયારી કરી હતી. ૨૦૦૮ માં દિપાલીના પિતા અવસાન પામ્યા ત્યારે તે સાત વર્ષની હતી. એક ભાઈ અને ત્રણ બહેનમાં તે સૌથી નાની છે. નાનપણથી સનદી અધિકારી બનવાનું સ્વપ્ન હતું. ધો. ૧૦ માં મહેનત કરતા સમગ્ર કચ્છમાં પ્રથમ નંબર આવી હતી. યુપીએસસી પાસ કર્યા બાદ હવે ટુંક સમયમાં લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમીનીસ્ટ્રેશનમાં જોડાઈ શિક્ષણ મેળવ્યા બાદ દહેરાદુન ખાતે ઈન્દીરા ગાંધી નેશનલ હોરેસ્ટ એકેડમીમાં તાલીમ મેળવશે. પરિવાર તરફથી મળેલા સહકાર અને પ્રોત્સાહનની પ્રશંસા કરી માતા મંજુલાબેનનો આભાર માનવા સાથે આ દિકરીએ ભવિષ્યમાં જે પદ મળશે તેની ગરીમા અને મર્યાદા જાળવી દેશ હિતમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવાની નેમ વ્યકત કરી હતી.

## ભુજમાં વાણિયાવાડ સર્કલ પાસે ટ્રાફીક પોલીસે એક્ટિવા રોકાવતા ત્રણ ઈસમોએ પોલીસ સાથે ઝપાઝપી કરી

**ઈશારો આપ્યો હોવા છતાં ગાડી ન રોકી આગળ ભગાવતા પાણીના ટેન્કરમાં ભટકાઈ**

ભુજ : શહેરમાં વાણિયાવાડ સર્કલ પોલીસ ચોકી પાસે ગઈકાલે સાંજે અકસ્માત અને પોલીસ સાથે ઝપાઝપીની ઘટના બની હતી. જે અંગે ફરિયાદ નોંધાઈ છે. તો ગઈ કાલે બપોરી ઘટનાએ તર્ક - વિર્તક સર્જાઈ હતી.

આ બાબતે એ ડિવિઝન પોલીસ મથકેથી મળતી વિગતો મુજબ ટ્રાફીક પોલીસ દ્વારા એક્ટિવા ચલાવતા યુવકોને હાથના ઈશારાથી એક્ટિવા ઉભી રાખવા સુચના આપી છતા તેઓએ એક્ટિવા ભગાવતા આગળ જઈને પાણીના ટેન્કરમાં એક્ટિવા ભટકાઈ હતી. જે વાતનું મનદુઃખ રાખી આરોપી ચાલક ભારાપરના અફતાબ ફકીરમામદભાઈ સંઘારે પોતાના માથામાં ઈજા થઈ હોવાનું મનદુઃખ રાખી પોલીસ સાથે ઝપાઝપી કરી હતી. એક્ટિવામાં પાછળ એક ઈસમ બેઠો હતો અને બીજા બે અજાણ્યા શખ્સોને બોલાવવામાં આવ્યા હતા. આ ચારેય જણાએ ભેગા મળી સીટી ટ્રાફિકની ઓફીસમાં પોલીસ કર્મચારીઓ સાથે બોલાચાલી કરી હાથાપાઈ કરી ઈજાઓ પહોંચાડતા ફરજમાં રૂકાવટની કલમો તળે એ ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જેથી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે મહત્વનું છે કે, બનાવને પગલે લોકોના ટોળે ટોળા ભેગા થઈ ગયા હતા. ટોળાને વિખેરવા માટે અલગથી પોલીસ બોલાવવી પડી હતી. બીજીતરફ ઈજાગ્રસ્ત યુવકે પણ પોલીસ સામે આક્ષેપો કર્યા હતા.

## પહેલા પાનાથી...

**ગુજરાતના ૧૧ જિલ્લામાં**

બે તબક્કામાં યોજાઈ હતી જેમાં પ્રાથમિક વસ્તી અંદાજ ૧૧ મે અને આખરી વસ્તી અંદાજ ૧૨ થી ૧૩ મેના રોજ હાથ ધરવામાં આવી હતી. આ વસ્તી અંદાજની કામગીરી સિંહ અસ્તિત્વ ધરાવતા રાજ્યના જૂનાગઢ, ગીર સોમનાથ, ભાવનગર, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, જામનગર, અમરેલી, પોરબંદર અને બોટાદ એમ કુલ ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાના ૩૫ હજાર ચો.કિમી. વિસ્તારમાં 'ડાયરેક્ટ બીટ વેરીફીકેશન' પદ્ધતિથી કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા એશિયાઈ સિંહોના સંરક્ષણ માટે ગ્રામ્ય કક્ષાએ ઈકો-ડેવલપમેન્ટ કમિટીની સ્થાપના, વન્ય પ્રાણી મિત્ર નક્કી કરવાં, નિયમિત સમયાંતરે નૈસર્ગિક શૈક્ષણિક કેમ્પનું આયોજન, ગીરની વનસ્પતિસૃષ્ટિ તેમજ તૃણાહારી જીવસૃષ્ટિનું નિરીક્ષણ-દેખભાળ તેમજ કૌશલ્યવાન માનવબળ સાથે સ્થાનિક લોકોનો સહકાર લેવો જેવા અવિરત પ્રયાસો કરવામાં આવે છે, જેના પરિણામે સિંહોની પ્રત્યેક વસતી ગણતરી વખતે તેઓની સંખ્યામાં સતત વધારો નોંધાયો છે. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા "મેક ઈન ઈન્ડિયા"ના લોગોમાં એશિયાઈ સિંહ સ્થાન પામ્યો છે, ત્યારે વન વિભાગે પણ સિંહોના આશ્રયસ્થાનમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે, જે અંતર્ગત ગત વર્ષથી સિંહોને વૈકલ્પિક આશ્રયસ્થાનરૂપે બરડા અભ્યારણ્યમાં વસાવવા તેનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. એશિયાઈ સિંહોની વસ્તી અંદાજ માટે 'ડાયરેક્ટ બીટ વેરીફીકેશન' ખુબ ઉપયોગી પદ્ધતિ છે. આ પદ્ધતિથી આંકડાકીય વિશ્લેષણ અને અમલીકરણમાં સરળતાના લીધે લગભગ ૧૦૦ ટકા ચોકસાઈ મળે છે તેમજ માનક ભૂલનો અવકાશ લગભગ શુન્ય રહે છે. ત્રણ દાયકા કરતાં પણ વધુ સમયથી અમલી આ પદ્ધતિ જંગલો, ઘાસના મેદાનો, દરિયાકાંઠાના વિસ્તારો, રેવન્યુ વિસ્તારોમાં અસરકારક અને અનુકૂળ રીતે કામ કરે છે.

**ગુજરાતની કેબિનેટમાં**

બાગાયતી પાકોને તેમજ ખેડૂતોના કૃષિ પાકને થયેલા નુકસાન સંદર્ભે કરવામાં આવેલા સર્વે અહેવાલના આધારે અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવા અંગે પણ આજે કેબિનેટમાં ચર્ચા વિચારણા કરીને કૃષિ વિભાગને સહાય પેકેજ તૈયાર કરવા અંગેની સૂચનાઓ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

**આજથી ભારતનું**

ભાજપના પ્રતિનિધિમંડળ અમેરિકા, પનામા, ગુયાના, બ્રાઝિલ અને કોલંબિયાની મુલાકાત લેશે. દેશોની પસંદગીનું મહત્વ આ દેશોની પસંદગી ખાસ વ્યૂહરચના સાથે કરવામાં આવી છે.

**છત્તીશગમાં**

નકસલવાદીઓની સામે પણ કડક હાથે કામ લઈ રહી છે. દરમ્યાન જ મળતી વધુ વિગતો અનુસાર આજ રોજ છત્તીશગઢમાં નકસલીઓ સામે સેનાને સફળતા મળવા પામી છે. આજ રોજ ૨૦થી વધુ જેટલા નકસલવાદીઓને સેનાએ ઠાર મારી દીધા હોવાના અહેવાલો સાંપડયા છે. નાયરાણપુરામાં ૨૦થી વધુ નકસલીઓને ઠાર મારવામાંઆવ્યા છે.

# ભુજમાં આગળ ધપતી કચ્છ લોકસભા સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ







ભુજ : આંતરરાષ્ટ્રીય સ્તરે રમાતી ડે - નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો ભાસ કરાવતી લોકપ્રિય રમત કચ્છ લોકસભા પરિવાર સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ - ૩ જયુબિલી ગ્રાઉન્ડ ભુજ મધ્યે રમાઇ રહી છે. ૫૨૦થી વધુ ટીમોને સાંકળતી આ ટુર્નામેન્ટ રોમાંચ અને ઉત્સાહથી ભરપુર છે અને બહોળી સંખ્યામાં ખેલ દર્શક ઉપસ્થિત રહી ખેલાડીઓને ઉત્સાહ અને આયોજકો - વ્યવસ્થાપકોને અભિનંદન આપે છે.

૬૫માં દિવસની પ્રથમ ક્રિકેટ મેચ એસએમ વોરિયર્સ ઈલેવન અને રાઠોડજી ઈલેવન વચ્ચે રમાઇ હતી, જેમાં એસએમ વોરિયર્સ ઈલેવનની જીત થઇ હતી. બીજી મેચમાં મોમાય ઉમરસર અને કિંગ વોરિયર્સ ઈલેવન પલીવાડ વચ્ચે રમાઇ હતી, જેમાં કિંગ વોરિયર્સ પાલિવાડ ટીમ વિજેતા થઇ હતી. ત્રીજી મેચ પચ્છમ ઈલેવન દિનારા અને અરજાન ઈલેવન વચ્ચે રમાઇ હતી, જેમાં પચ્છમ ઈલેવન દિનારા વિજેતા થઇ હતી. ચોથી મેચ એકતા ઈલેવન ઢોરી અને અમન ઈલેવન ભુજ વચ્ચે રમાઇ હતી, જેમાં અમન ઈલેવન ભુજની જીત થઇ હતી. પાંચમી મેચ સ્વસ્તિક બ્રિગેડ ઈલેવન અને કુકમા કિંગ રાઈડર વચ્ચે રમાઇ હતી, જેમાં કુકમા કિંગ રાઈડર ટીમ વિજેતા થઇ હતી. છઠ્ઠી મેચ ઈવનિંગ ઈલેવન અંજાર અને ચોકડી ઈલેવન ભુજ વચ્ચે રમાઇ હતી, જેમાં ચોકડી ઈલેવન ભુજ ટીમની જીત થઇ હતી. સાતમી મેચ એકતા ઈલેવન દૂધઈ અને વેલ વર્થ ઈલેવન વચ્ચે રમાઇ હતી, જેમાં વેલ વર્થ ઈલેવન ટીમની જીત થઇ હતી. મેચ વ્યવસ્થા કુલદીપસિંહ જાડેજા દ્વારા થઈ હતી. આ મેચ દરમ્યાન ખેલાડીઓને પ્રોત્સાહન આપવા સાંસદ વિનોદભાઇ ચાવડા સાથે મહેમાનો તથા જુરી કમિટીના સભ્યો વિગેરે હાજર રહ્યા હતા.

# ન્યુજર્સીમાં સ્વામિનારાયણ મંદિરના ૧૦ વર્ષ પૂર્ણ થતા પોથીયાત્રા નીકળી



ભુજ : યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરીકાના ન્યુજર્સીમાં આવેલા પારસીપેનીમાં આવેલ સ્વામિનારાયણ મંદિરને ૧૦ વર્ષ પૂર્ણ થતા ભવ્ય શોભાયાત્રા નીકળી હતી.

દશાબ્દી મહોત્સવ પ્રસંગે શોભાયાત્રા ૪૬ આરડીથી નીકળી જાહેર માર્ગો પરથી પસાર થઈ મંદિરે પૂર્ણ થઈ હતી. આ વેળાએ જયશ્રી સ્વામિનારાયણના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યો હતો. આ પોથીયાત્રાને આર. એસ.એસ. દ્વારા રાષ્ટ્રગાનના સંગીતથી અભિવાદન કર્યું હતું. આ શોભાયાત્રાના મુખ્ય યજમાન તરીકે રજનીકાંત વડુવાલા તથા પ્રમુખ પંકજ કરજીસણ, ડાકોરભાઈ પટેલ, આરએસએસના ગુણવંતભાઈએ ભારત માતા કી જયના નારા લગાવ્યા હતા તથા મંદિરના સંતોએ પોથીનું પૂજન-અર્ચન કરી ભાગવત કથાનું શ્રવણ કરાવ્યું હતું. આ વેળાએ હરિભક્તો, ધર્મપ્રેમી લોકો હાજર રહ્યા હતા.

# નખત્રાણામાં ૭૫મો નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો



નખત્રાણા : લોહાણા મહાજન રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પિટલ રાજકોટ દ્વારા ૭૫મા નેત્ર નિદાન કેમ્પમાં ૧૪૫ દર્દીઓની તપાસણી કરવામાં આવી હતી જેમાંથી ૨૭ જેટલા દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ લઈ જવાયા હતી. દીપ પ્રાગટ્ય કેમ્પના સહયોગી દાતા વનીતાબેન ગંગારામભાઈ સોની, પુત્રવધુ શીલાબેન કૈલાશભાઈ સોની, સદગુરુ જ્વેલર્સ નખત્રાણા તેમજ માતૃશ્રી સ્વ.ભચીબેન સોમજીભાઈ ધનાણીની પૂર્ણસ્મૃતિમાં દેવશંકરભાઈ ધનાણીના હસ્તે કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. દાતાઓનું સાલ દ્વારા સન્માન કરાયું હતું.

સન્માન સમારોહ બાદ માતાજીના ભોજન પ્રસાદનો ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. સમારોહના અધ્યક્ષા અને ઉદઘાટાશ્રી મહારાણીશ્રી પ્રિતિદેવી સાહેબા ઓફ કચ્છ રહ્યા હતા. આ ટાંકણે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહજી વાઘેલા, રાજ્યસભાના સાંસદ અને મહારાણા રાજ સાહેબશ્રી કેસરીદેવસિંહજી ઝાલા (વાંકાનેર સ્ટેટ), પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અને રાજયસભા સાંસદ શક્તિસિંહજી ગોહિલ, પુર્વ રાજ્ય મંત્રી શ્રી કિરીટસિંહ રાણા, પુર્વ કેબીનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાપર ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, પૂર્વ ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલા, બનાસકાંઠા જિલ્લા ભાજપ અધ્યક્ષ કિર્તિસિંહજી વાઘેલા, પૂર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા), જયદ્રથસિંહ પરમાર, પૂર્વ ધારાસભ્ય સી.જે. ચાવડા, ધારાસભ્ય રીવાબા જાડેજા, કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યજુર્વેન્દ્રસિંહ એસ. જાડેજા, કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય મહિલા સભાના પ્રમુખ ચેતનાબા પી. જાડેજા, રાજપૂત કરણી સેના ગુજરાત પ્રદેશ પ્રમુખ વિરભદ્રસિંહ એસ. જાડેજા, હિન્દુ યુવા સંગઠન પ્રમુખ રઘુવીરસિંહજી જાડેજા, માધુભા જાડેજા મંચસ્થ રહ્યા હતા. પ્રાસંગિક પ્રવચનમાં સમાજની સંગઠન સહિત પર ભાર મુકતા કહ્યું કે, આજનો રૂડો અવસર આદ્ય શક્તિ માઈ આશાપુરાના આંગણે યોજાયો છે. રાજીપો છે અને આ અતિથિ ભવન મા-મઢે નવરાત્રી તથા અન્ય દિવસોમાં આવતા શ્રદ્ધાળુઓ માટે આશરાનો અતિથિ ભવન બની રહેશે. માતાનામઢ તિર્થધામના સર્વાંગી વિકાસ થશે, ત્યારે આ અદ્યતન અતિથિ ભવનનું એક મોર પિંછુ વિકાસ સાથે આલેખાશે તેમ જણાવી સમાજની સંગઠન શક્તિ અને દાતાઓના ઉદાર દિલની ભાવનાને બિરદાવી હતી. આ અવસરે સંતો, મહંતોએ આશિર્વાદ આપ્યા હતા. યોગેન્દ્રસિંહજી રાજબાવા, કલ્યાણદાસબાપુ, પીરશ્રી સાભળસિંહજી, પ.પૂ. હરિસંગ દાદા, પરસોત્તમગિરિ બાપુ, બાલકનાથજી બાપુ, માનસંગજી દાદા, દેવીબા માતાજી, મૃદુલાબા, આશામા માતાજી, સેવાનાથબાપુ, અદ્વૈતગિરિ માતાજી વગેરેએ આશિર્વચન આપ્યા હતા. દિલાવરસિંહ જાડેજા, વિજયરાજસિંહજી જાડેજા, રઘુવીરસિંહ જાડેજા, પ્રભાતસિંહજી જાડેજા, રાજેન્દ્રસિંહ બી. જાડેજા, જાલુભા કે. જાડેજા, વિક્રમસિંહજી જાડેજા, નરેન્દ્રસિંહ ડી. ઝાલા, બળવંતસિંહજી જાડેજા, મહેન્દ્રસિંહજી જાડેજા, મેઘુભા ઝાલા, કૃતાર્થસિંહજી જાડેજા (દેવપર ઠાકોર), મયુરધ્વજસિંહજી જાડેજા (તેરા ઠાકોર), કુંવર ઈન્દ્રજીતસિંહ જાડેજા, હઠુભા સોઢા, મહેસોજી રાણાજી સોઢા, જયવીરસિંહ સોઢા, વી.એસ. રાઠોડ, ગજુભા બી. જાડેજા, મહાવીરસિંહ જાડેજા, સ્વરૂપસિંહ સોઢા, રાણુભા બી. જાડેજા, શોભનાબા એસ. જાડેજા, મહાવીરસિંહ જાડેજા, વાઘુભા જાડેજા, રાજેન્દ્રસિંહજી જાડેજા, હઠુભા બી. જાડેજા, હઠુસિંહ જાડેજા, શક્તિસિંહ એમ. જાડેજા, મંચસ્થ રહ્યા હતા. ચંદનસિંહ રાઠોડ, શૈલેન્દ્રસિંહ રાઠોડ, અર્જુનસિંહ પી. જાડેજા, મહેન્દ્રસિંહ ઝાલા, જયેન્દ્રસિંહ જાડેજા, હરિસિંહ રાઠોડ, જીતેન્દ્રસિંહ જાડેજા, સુરેન્દ્રસિંહ જાડેજા (મઢ), વેસલજી ડાડા, હિંમતસિંહ સોઢા, પ્રફુલ્લસિંહ જાડેજા, પ્રેમસિંહ સોઢા, બ્રિજરાજસિંહ જાડેજા, પીરદાન સોઢા, કિશોરસિંહ જાડેજા, પરેશસિંહ જાડેજા, જયદીપસિંહ જાડેજા, પ્રવીણસિંહ વાઢેર, ખેંગારજી જાડેજા, રામુભા વી. જાડેજા, લક્ષ્મણસિંહ સોઢા, નરેન્દ્રસિંહ જાડેજા, બટુકસિંહ જાડેજા, સરૂભા જાડેજા, ગુમાનસિંહ સોઢા, પ્રવીણસિંહ જાડેજા, રાજુભા જાડેજા (જિલ્લા પંચાયત ચેરમેન) વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન હઠુભા સોઢાએ કર્યું હતું. આભારવિધિ ઘનશ્યામસિંહ જાડેજાએ કર્યું હતું.


**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૧

નં.મેજી/જન્મ-મરણ/વશી-૦૪/૨૦૨૫ **જાહેર નોટીસ** તા.૨૫/૦૪/૨૦૨૫
જન્મ.રજી.નં ૬૪/૨૦૨૫
શ્રી નાનજીભાઈ મોહનભાઈ કોલી,
રહેઃ-જડસા,તા.ભચાઉ-કચ્છ. ............ અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી.અને
તલાટી સહમંત્રીશ્રી જડસા, તા.ભચાઉ-કચ્છ ............ સામાવાળા

**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના પુત્રી નામે માહિ નાનજીભાઈ કોલી નો જન્મ મું.જડસા, તા.ભચાઉ મુકામે તા.૧૪/૦૭/૨૦૨૧ ના રોજ થતાં તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા. ૧૨/૦૬/૨૦૨૫ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવુ. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. ૨૫/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.



**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૧

નં.મેજી/જન્મ-મરણ/વશી-૦૪/૨૦૨૫ **જાહેર નોટીસ** તા.૨૫/૦૪/૨૦૨૫
જન્મ.રજી.નં ૬૫/૨૦૨૫
શ્રી નાનજીભાઈ મોહનભાઈ કોલી,
રહેઃ-જડસા,તા.ભચાઉ-કચ્છ. ............ અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી.અને
તલાટી સહમંત્રીશ્રી જડસા, તા.ભચાઉ-કચ્છ ............ સામાવાળા

**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના પુત્રી નામે અવની નાનજીભાઈ કોલી નો જન્મ મું.જડસા, તા.ભચાઉ મુકામે તા.૧૧/૦૯/૨૦૧૭ ના રોજ થતાં તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા. ૧૨/૦૬/૨૦૨૫ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવુ. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. ૨૫/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.



**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૧

નં.મેજી/જન્મ-મરણ/વશી-૦૪/૨૦૨૫ **જાહેર નોટીસ** તા.૨૫/૦૪/૨૦૨૫
જન્મ.રજી.નં ૬૬/૨૦૨૫
શ્રી વનરાજ મોહનભાઈ કોલી,
રહેઃ-જડસા,તા.ભચાઉ-કચ્છ. ............ અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી.અને
તલાટી સહમંત્રીશ્રી જડસા, તા.ભચાઉ-કચ્છ ............ સામાવાળા

**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના પુત્ર નામે હાર્દિક વનરાજ કોલી નો જન્મ મું.જડસા, તા.ભચાઉ મુકામે તા.૧૫/૦૮/૨૦૧૮ ના રોજ થતાં તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા. ૧૨/૦૬/૨૦૨૫ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવુ. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. ૨૫/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.


## તોલાણી એફ.જી.પોલીટેકનીક, ખાતે ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમનો માર્ગદર્શન સેમિનાર યોજાશે

આદિપુર ખાતે આવેલ તોલાણી એફ.જી.પોલીટેકનીક કોલેજ ખાતે ધોરણ ૧૦ પછી ડિપ્લોમા ઈજનેરીના વિવિધ અભ્યાસક્રમો (Civil, Computer, Electrical, Mechanical And Computer Aided Costume Design & Dress Making) ચાલી રહ્યા છે. જેમાં એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્શીસ (ACPDC) દ્વારા ધોરણ ૧૦ પછી ડિપ્લોમા ઈજનેરીમાં વર્ષ ૨૦૨૫ માટેની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાયેલ છે. જે અંતર્ગત તોલાણી એફ.જી.પોલીટેકનીક, આદિપુર અને ACPDC ના સંયુકતમાં ધોરણ૧૦ પછી ડિપ્લોમા ઈજનેરીના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેનું માર્ગદર્શન આપવાનો સેમિનાર તા.૨૩/૦૫/૨૦૨૫ શુક્રવાર ના રોજ સવારે ૦૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે તોલાણી એફ.જી.પોલીટેકનીક ખાતે A.V. Theater માં રાખવામાં આવ્યો છે. આ સેમીનારમાં કોઈપણ વિદ્યાર્થીઓ અને વાલીઓ ભાગ લઈ શકે છે તેમ કોલેજના આચાર્યની યાદીમાં જણાવ્યું છે.

For further contact 94274 45895 & 84605 83331


**રાષ્ટ્રીય માનવ અધિકાર સુધાર સંગઠનના નવ નિયુક્ત હોદેદારોને અભિનંદન**


શ્રી સાંધ અજીજ સુલેમાન (પ્રમુખશ્રી, ગુજરાત પ્રદેશ)


શ્રી બાબુભાઈ દાનાભાઈ ફફલ (પ્રમુખશ્રી, ભચાઉ)


શ્રી કાદરભાઈ મથડા (ઉપપ્રમુખશ્રી, માંડવી તાલુકા)


શ્રી અલીમામદભાઈ નોડે (ટીમ ઓફિસરશ્રી, માંડવી તાલુકા)

રાષ્ટ્રીય માનવ અધિકાર સુધાર સંગઠનના ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી સાંધ અજીજ સુલેમાન દ્વારા ઉપરોક્ત ગૌરવવંતા પદ પર હોદેદારોની વરણી થવા બદલ લખ...લખ...વધાઈયું...

**આ કેં ખીર આય**

**અમો છીએ આપના જ શુભચિંતક**

- શ્રી ડો. રમેશ લાલજી મહેશ્વરી (કચ્છ જિલ્લા પ્રમુખશ્રી)
- શ્રી ઈમરાનભાઈ મેમણ (લીગલ એડવાઈઝરશ્રી, મુંદરા તાલુકા)
- શ્રી શૈલેષભાઈ ચુઈયા (પ્રમુખશ્રી, ગાંધીધામ તાલુકા)
- શ્રી કાસમભાઈ ખલીફા (ઉપપ્રમુખશ્રી, મુંદરા તાલુકા)
- શ્રી હુસેનભાઈ ચગલ (પ્રમુખશ્રી, અંજાર તાલુકા)
- શ્રી દિલીપભાઈ પરમાર (પ્રમુખશ્રી, ભુજ તાલુકા)

**તથા રાષ્ટ્રીય માનવ અધિકાર સુધાર સંગઠનનો પરિવાર**


## છેલ્લા પાનાનું ચાલુ

### નશાકારક શીરપના

પીણું બનાવવાનું ચાલુ કર્યું હતું. જેમાં સપ્લાયર અને વેપારીઓની મદદથી પાનના ગલ્લે અને અન્ય દુકાનોમાં સપ્લાય કરીને નશાનો કારોબાર ચલાવતા હતા.લાયસન્સ વગર હેન્ડ રબ (સેનીટાઈઝર)ના નામે નશાયુક્ત પીણાંનું ઉત્પાદન કરવામાં આવતું હતું. જેમાં શરીરને ખૂબ જ નુકસાન થાય તેટલી માત્રામાં ઈથાઈલ આલ્કોહોલ, આઈસોપ્રોપાઈલ જેવા તત્વોનું મિશ્રણ કરવામાં આવતું હતું. જેનાથી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા થતા હતા. આરોગ્યવર્ધક આયુર્વેદિક સીરપની આડમાં બુટલેગરો દ્વારા વધુ આલ્કોહોલ ભેળવીને નુકસાનકર્તા પીણા બનાવીને વેચવામાં આવતા હતા. જે સામે પોલીસ સકંજો વધુ મજબૂત બનતા આરોપીઓએ હવે હેન્ડ રબ (સેનિટાઈઝર)ના સ્વરૂપે અન્ય રાજ્યમાં પ્રોડક્શન કરીને આવી બોટલોનું અહીં પાનના ગલ્લામાં તેમજ અન્ય દુકાનોમાં જાહેરમાં વેચાણ કરવામાં આવતું હોવાનું પણ ખુલવા પામ્યું છે.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**કાર્ય - અમદાવાદ ડિવિઝન પર વિવિધ-સ્થિર-સેવાઓ અને પે એન્ડ યુઝ કરારો**

હરાજી કેટલોગ નં. **NFR-ADI-04-25** અને પે-યુઝ - **ADI-25**
હરાજી શરૂ (બધા લોટ) - **30-05-25 12:00:00**

| ક્ર. સં. | લોટ નં./કેટેગરી | વર્ણન | ટ્રિપ્સ/દિવસો | લોટ સમાપ્તિ તારીખ સમય |
|---|---|---|---|---|
| AA/1 | MSS-ADI-KLL-EVC-56-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ EV ચાર્જિંગ સ્ટેશન) | કલોલ સ્ટેશન પર, પાર્કિંગની સીમા દીવાલને અડીને આવેલા પરિભ્રમણ વિસ્તારની નજીક, ૧૫ X ૩૦ ફૂટ એટલે કે કુલ ૪૫૦ ચોરસ ફૂટ વિસ્તાર ધરાવતા ઇલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપના, સંચાલન અને જાળવણી માટે ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે કરાર. | 1826 | 30-05-25 12:30:00 |
| AA/2 | MSS-ADI-GIMB-EVC-55-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - EV ચાર્જિંગ સ્ટેશન) | ગાંધીધામ સ્ટેશન પર, ૨૫ X ૨૦ ફૂટ એટલે કે કુલ ૫૦૦ ચોરસ ફૂટ વિસ્તાર ધરાવતા ઇલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ની સ્થાપના, સંચાલન અને જાળવણી માટે ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે કરાર. | 1826 | 30-05-25 12:40:00 |
| AA/3 | MSS-ADI-SID-EVC-54-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - EV ચાર્જિંગ સ્ટેશન) | સિદ્ધપુર સ્ટેશન પર, સબવે નજીક, ૧૦ X ૫ મીટર વિસ્તાર ધરાવતા ઇલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપના, સંચાલન અને જાળવણી માટે ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે કરાર. | 1826 | 30-05-25 12:50:00 |
| AA/4 | MSS-ADI-UJA-EVC-53-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - EV ચાર્જિંગ સ્ટેશન) | ઊંઝા સ્ટેશન પર ૯.૬ X ૪.૮ મીટરના પાર્કિંગ પ્લોટ નજીક ઇલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરવા, ચલાવવા અને જાળવવા માટે ૦૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે કરાર. | 1826 | 30-05-25 13:00:00 |
| AA/1 | PnU-ADI-SIOB-Toi-20-25-1 (પે એન્ડ યુઝ - ટોઇલેટ્સ) | સામાખિયાળી રેલવે સ્ટેશન પર ત્રણ વર્ષ માટે પે એન્ડ યુઝ ધોરણે નોન-ડીલક્સ પ્રકારના શૌચાલય નું સંચાલન અને જાળવણીના કાર્યના સંચાલન લાઇસન્સ ધારક ના ખર્ચે. | 1096 | 30-05-25 12:30:00 |

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, અમદાવાદ ડિવિઝન, પશ્ચિમ રેલવે સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર.
અમદાવાદ ડિવિઝન- પશ્ચિમ રેલવે, અમદુપુરા, નરોડા રોડ અમદાવાદ - ૩૮૨૩૪૫. 045

આમને ફોલો કરો: facebook.com/WesternRly • twitter.com/WesternRly

## વડાપ્રધાનના કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અંજાર તાલુકા ભાજપની હાકલ





અંજાર : તા.૨૬ અને ૨૭ મેના રોજ ઓપરેશન સિંદુર બાદ નરેન્દ્રભાઈ મોદી પ્રથમ વખત કચ્છ આવી રહ્યા છે એના આયોજન માટે અંજાર તાલુકા ભાજપની બેઠક મળી હતી. બેઠકનું સ્વગત પ્રવચન કરતા તાલુકા ભાજપ પ્રમુખ બી.એન. આહિરે જણાવ્યું હતું કે, જિલ્લાએ આપેલા લક્ષ્યાંક મુજબ આપણા તાલુકાની સંખ્યા સભામાં ઉપસ્થિત રહે તેવા આજથી પ્રયત્નો કરી સૌ કાર્યકર્તાઓને કામે લાગી જવાની વાત કરી હતી.

તાલુકા ભાજપના પ્રભારી વિકાસભાઈ રાજગોરે તમામ કાર્યક્રમમાં અંજાર તાલુકો હંમેશા મોખરે હોય છે તો આ કાર્યક્રમ માટે પણ જિલ્લા પંચાયત બેઠક સહ પ્રવાસ કરીને આયોજન કરવાની વાત કરી હતી. ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વહિવટી તંત્ર સાથે સંકલન કરી પ્રચાર - પ્રસાર કરીને વધુને વધુ આ કાર્યક્રમને સફળ બનાવીએ. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને ભારતની સેનાએ ઓપરેશન સિંદુર કરીને પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો છે ત્યારે આપણી સૌની ફરજ છે કે કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉમટે તેની ચિંતા કરીએ.

આ બેઠકમાં તાલુકા પંચાયતના પ્રમુખ શોભનાબા જાડેજા ઉપપ્રમુખ ભુરાભાઈ છાંગા, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન મશરૂભાઈ રબારી, સદસ્ય મ્યાજરભાઈ છાંગા, તાલુકા ભાજપના મહામંત્રી રૂપાભાઈ રબારી, પરમાભાઈ પટેલ, આંબાભાઈ રબારી, ગોપાલભાઈ ડાંગર, શામજીભાઈ બરારિયા, અરવિંદભાઈ મહેશ્વરી, મુકેશભાઈ સથવારા, લાલજીભાઈ સથવારા, શંકરભાઈ પરમાર, કલ્પેશભાઈ આહિર, ગોકુલભાઈ રબારી, ખોડાભાઈ રબારી અને અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનું સંચાલન તાલુકા ભાજપના મહામંત્રી કાનજીભાઈ આહિરે તથા આભારવિધિ ઉપપ્રમુખ મેહુલભાઈ આહિરે કરી હતી.

## સ્પંદન સ્પોર્ટ્સ એકેડમીના સમર કેમ્પ ૨૦૨૫ની એક ઝલક



માંડવી : વિશાળ દરિયા કિનારાનાં માંડવી શહેરના નવનીત મલ્ટીસ્પોર્ટ્સ કોમ્પલેકસમાં છેલ્લા ૯ વર્ષથી બાળકોનોબૌધિક, માનસિક, શારીરિક વિકાસ સાથે ચારિત્ર ઘડતર અને વ્યકિતત્વ ઘડતર કરતી સ્પંદન સ્પોર્ટ્સ એકેડમીમાં તા.૧૮ એપ્રિલ થી તા. ૪ મે સુધી સમર કેમ્પનું આયોજન ડો. દંપતિ પરાગ અને નિર્જરી દ્વારા કરવામાં આવ્યું. દરરોજ ૪ વાગ્યાથી સાંજે ૭ સુધી બાળકોએ ટેનિસ, ક્રિકેટ, ફુટબોલ, બેડમિન્ટન, કરાટે, હેન્ડીક્રાફ્ટ, કલેવર્ક, ડ્રોઈંગ, વન મિનિટ ગેઈમ્સ, કવીઝ, ડાન્સ તથા ભૂલાયેલી ભારતીય રમતો પાંચીકા, કોડીઓ, સતોડીઓ, મારદડીથી મેદાનને ગુંજતું કરી ખિલખિલાટ, કિલકિલાટ સાથે અવિસ્મરણીય આનંદ માણ્યો હતો. તા. ૪ મેના બાળકો દ્વારા ફનફેરનું આયોજન કરાયેલ તેનો બી.એસ.એફના કમાન્ડીંગ ઓફિસર પ્રવિણભાઈ, ડો. પરાગ મર્દાનિયા, વિશાલભાઈ ઠકકરે દિપ પ્રાગટયથી ખૂલ્લો મુકી તેઓનાં કરકમળથી બાળકોને સર્ટીફિકેટ, મેડલ તથા શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બી.એસ.એફના પ્રવિણભાઈએ સમર કેમ્પને સમયની તાતી જરૂરિયાત ગણાવી વાલીઓ માટે પણ યોજવાનું સૂચન કર્યુ હતું. બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ તથા સ્વહસ્તે બનાવેલી કૃતિઓ દ્વારા મહેમાનોનું દિલ જીતી લીધું હતું. સંસ્થાના ટ્રસ્ટીઓ તથા સભ્યો શૈલેશભાઈ મડિયાર, લક્ષ્મીશંકર જોષી, ડો. લાલજી વાઘજીયાણી, ભાવેશભાઈ, મેહુલ કોટક, જિજ્ઞેશભાઈ કષ્ટા, શિવજીભાઈ આહિર, બાદલભાઈ કષ્ટા, દિપેન મહેતા વગેરેનો તન, મન, ધનથી સહયોગ મળ્યો હતો. ડો. પુનિત ખત્રી અને ડો. કૌશિક શાહનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો. નીલમ પરીન કોટકે સ્વીમીંગમાં સહયોગ આપ્યો હતો.ગૌરવસર, અરવિંદભાઈ, શ્વેતાબેન, પાર્થસર, મોનાબેન, માધવીબેન, અર્ચનાબેન, ચાંદનીબેન, અમિતભાઈએ કોચ તરીકે અથાગ મહેનતથી બાળકોને વિવિધ પ્રવૃતિઓમાં જોડયા હતા. કરાટેના ગૌરવસરની યાદી જણાવે છે કે અત્યાર સુધીમાં કરાટેમાં ૧૦ આંતરરાષ્ટ્રીય, ૨૦ રાષ્ટ્રીય, ૨૦૦ રાજ્ય અને ૫૦૦ જેટલા જિલ્લાકક્ષાએ એવોર્ડ પ્રાપ્ત થયા છે. ચાલુ વર્ષે ૨ બ્લેક બેલ્ટ મહેમાનોના હસ્તે પહેરાવવામાં આવ્યાં. ટ્રેનર ભાઈ બહેનોએ અવનવા કૌતુક સાથે કરાટેના દાવ રજુ કર્યા હતાં. હેતલ સોનેજી, નરેન્દ્ર પિઠડીયા, સુજાતા ભાયાણી, વિનય ટોપરાણી, ડો. ભારતી વાઘજીયાણી, જુગલ શાહ ઉપસ્થિત રહયા હતા. માંડવી મુન્દ્રાનાં ધારાસભ્યશ્રી અનિરૂધ્ધભાઇ દવે, બિપિનભાઇ ગાલા, વિપિનભાઇ ગંગર, શૈલેશભાઇ સુરૈયા, અમુલભાઇ દેઢીયાએ સમરકેમ્પની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. આ ઉપરાંત એકેડમીના ચેરમેન ડો. પરાગ મર્દાનિયાએ સભ્યો અને ડોકટર મિત્રોના આર્થિક સહયોગ થકી પંદર લાખના ખર્ચે ટેનિસ કોર્ટનું રિનોવેશન કામ ચાલુ કરાવેલ છે જે એક અઠવાડીયામાં પુરૂ થઇ જશે. બિલ્ડીંગ રિનોવેશન, બેડમિન્ટન કોર્ટ રિસર્ફેસિંગ, કરાટે કોર્ટ રૂફ અને ફલોરિંગનું કામ પણ નગરપાલીકાના સહયોગ મળ્યેથી ટુંક સમયમાં શરૂ કરી દેવામાં આવશે તેમ જણાવ્યું હતું. સમરકેમ્પના વાલીગણે પોતાના બાળકો મોબાઈલ જગતમાંથી બહાર નિકળી ક્રિએટીવીટીથી નવી દુનિયામાં પગરણ માંડી રહયા છે તેનો રાજીપો વ્યક્ત કરી માંડવીના બાળકો માટે 'સ્પંદન સ્પોર્ટ્સ એકેડમી' આર્શિવાદ રૂપ છે તેમ જણાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડો. નિર્જરી અને અપર્ણાબેને સંભાળી, ઉપસ્થિત વિશાળ જનમેદનીનો આભાર વ્યક્ત કર્યો હતો.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | 8 | | | | |
| 1 | | | | | 5 | 6 | 4 | |
| | 5 | 7 | 2 | | | 9 | | 8 |
| | 3 | | | | 9 | 8 | | |
| | 8 | 9 | | | | 4 | 2 | |
| | | 2 | 6 | | | | 9 | |
| 6 | | 1 | | | 2 | 7 | 8 | |
| | 4 | 5 | 7 | | | | | 2 |
| | | | | 6 | | | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | 6 | 4 | 8 | 2 | 1 | 7 | 9 |
| 9 | 1 | 7 | 3 | 5 | 6 | 4 | 8 | 2 |
| 4 | 8 | 2 | 1 | 7 | 9 | 3 | 5 | 6 |
| 8 | 4 | 3 | 6 | 9 | 7 | 5 | 2 | 1 |
| 2 | 5 | 9 | 8 | 1 | 3 | 7 | 6 | 4 |
| 7 | 6 | 1 | 2 | 4 | 5 | 9 | 3 | 8 |
| 1 | 7 | 8 | 5 | 6 | 4 | 2 | 9 | 3 |
| 3 | 9 | 4 | 7 | 2 | 8 | 6 | 1 | 5 |
| 6 | 2 | 5 | 9 | 3 | 1 | 8 | 4 | 7 |

## કચ્છમાં નાઈટ કોસ્ટલ વોક ટ્રેકિંગ ટુરિઝમ



ભુજ : છેલ્લાં બે દાયકામાં કચ્છ પ્રવાસન ક્ષેત્રે ખૂબ વિકસ્યું છે અને કચ્છમાં ટુરિઝમના ક્ષેત્રો પણ વધ્યા છે જેમાં હવે કચ્છમાં નાઈટ કોસ્ટલ ટુરિઝમ વિકસી શકે તેવી પણ સંભાવના રહેલી છે. માલદીવ અને અન્ય દેશોમાં જે રીતે રાત્રિના સમયે દરિયાકિનારે નિયોન બ્લુ રંગના સૂક્ષ્મજીવો એટલે કે બાયોલ્યુમિનિયશ પ્લેક્ટોન દેખાય તેવા જ દ્રશ્યો કચ્છના માંડવી વિસ્તારના દરિયા કિનારે પણ જોવા મળ્યું છે.

કચ્છડો બારેમસ ઉક્તિને સાર્થક કરવા માટે કચ્છમાં બે માસ ફરી શકાય તેવા પ્રવાસન સ્થળો છે. સામાન્ય રીતે કચ્છમાં પ્રવાસન નવેમ્બરથી ફેબ્રુઆરી માસ દરમિયાન વધારે રહેતું હોય છે. તો ચોમાસા બાદ પણ કચ્છના વિવિધ પર્યટન સ્થળોમાં ટ્રેકિંગ માટેના અનેક હિલ્સ પણ ઉપલબ્ધ છે. કચ્છમાં માત્ર સફેદ રણ, ધોળાવીરા જેવા જ પ્રવાસન સ્થળો નથી એનાથી પણ વધારે આકર્ષિત કરતા પર્યટન સ્થળ પણ છે. તો સાથે જ કચ્છના દરિયા કિનારા પર પણ કોસ્ટલ ટુરિઝમ વિકસી શકે તેવી ઉજળી તકો રહેલી છે. બાયોલ્યુમિનિયશ પ્લેક્ટોનના વિડીયો વિકાસ આહિર અને હરિનાથ દ્વારા લેવામાં આવ્યા છે.

હાલમાં ચાલી રહેલા ઉનાળા દરમિયાન કચ્છમાં જ્યારે ભારે તાપ વરસતો હોય છે ત્યારે આમ તો લોકો ઘરથી બહાર નીકળવાનું ટાળતા હોય છે પરંતુ રાત્રીના સમયે ખૂબ ઠંડક જોવા મળે છે અને હવે તો કચ્છના દરિયા

**કચ્છમાં માત્ર સફેદ રણ, ધોળાવીરા, માંડવી જેવા જ પ્રવાસન સ્થળો નથી એનાથી પણ વધારે આકર્ષિત કરતા પર્યટન સ્થળ**

કિનારે રાત્રિના સમયે કોસ્ટલ ટ્રેક પણ કરવામાં આવી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષથી માંડવીથી નલિયાના દરિયા કિનારે એડવેન્ચર ટ્રેકિંગ કરવામાં આવી રહી છે જેમાં ભુજ થી રાત્રે ૧૦ વાગ્યા બાદ ટ્રેકિંગના શોખીન માંડવી બીચથી દરિયા કિનારે વોક કરવાનું આયોજન કરતા હોય છે. મલ્હાર કેમ્પિંગના કેતન ગોસ્વામીએ જણાવ્યું હતું કે, ઉનાળા દરમિયાન પણ કચ્છમાં પ્રવચન માટેની ઉત્તમ તકો રહેલી છે ત્યારે કચ્છના દરિયા કિનારે બાયોલ્યુમિનિયશ પ્લેક્ટોનની હાજરી જોવા મળી હતી. જે રાત્રિના સમયે ખૂબ જ દરિયાના મોજામાં દરિયા કિનારા સુધી કરી આવે છે અને નિયોન બ્લુ કલરના રંગમાં જોવા મળે છે જે એકદમ ચમકીલા જોવા મળે છે. ભારતમાં ૧૦ જેટલા દરિયા કિનારા એવા છે કે જ્યાં આ પ્રકારના દ્રશ્યો જોવા મળે છે.

દરિયાઈ જીવોના મુખ્ય ખોરાક એવા ઝીણા ઝબૂક-ઝબૂક થતા દિવડા જેવા દેખાતા નિયોન બ્લૂ રંગના સૂક્ષ્મ જીવ બાયોલ્યુમિનિયશ પ્લેક્ટોનની કચ્છના દરિયા કિનારે હાજરી નોંધાઈ છે. ઉલ્લેખનીય છે કે, ભારતમાં કચ્છ સિવાય દક્ષિણ ભારત તથા અમેરિકાના દરિયા કિનારે આ જીવો જોવા મળે છે. અમાસ તેમજ પૂનમની અંધારી રાતે પણ આ જીવો જોવા મળે છે. મે અને જૂન માસ દરમિયાન રાત્રિના સમયે દરિયામાં આ દુર્લભ દ્રશ્ય જોવા મળે છે.

બાયોલ્યુમિનિયશ પ્લેક્ટોન અંગે અનેક વાતો છે જેમાં અંધારા પછી તેજસ્વી નિયોન બ્લુ રંગના પ્રકાશ સાથે દરિયો ચમકતો જોવા મળે છે. આ ઝળહળતા પ્રકાશની ઘટના બાયોલ્યુમિનિયશ એ જીવંત જીવમાંથી પ્રકાશનું ઉત્સર્જન છે. જે તેના અસ્તિત્વ તથા પ્રજનન માટેનું છે. માછલીઓના પ્રજનન સમયે કોઈ કેમિકલ નીકળતું હોય અને આ રાસાયણિક પ્રક્રિયા સંબંધિત બાયોકેમિકલ પદ્ધતિમાં પરિણમે છે જે દરિયાઈ જીવ સૃષ્ટિ માટે વિશિષ્ટ હોય છે.

કચ્છની અંદર ઐતિહાસિક સ્થળો તેમજ ધાર્મિક સ્થળોના ટુરિઝમની સાથે સાથે એગ્રો ટુરિઝમ, જીઓ ટુરિઝમ, એસ્ટ્રો ટુરિઝમની સાથે સાથે સમરમાં નાઈટ ટ્રેકિંગ અને કોસ્ટલ ટુરિઝમ વિકસાવવામાં આવે તો કચ્છના પ્રવાસનને હજુ પણ વધુ વેગ મળી શકે તેમ છે. જે માટે ગુજરાત ટુરિઝમને પણ ઉનાળાના સમયગાળા દરમિયાન આ બાયોલ્યુમિનિયશ પ્લેક્ટોનની ઘટનાને મહત્વ આપીને પ્રવાસન સંબંધિત યોગ્ય આયોજન પણ કરવું જોઈએ.

## મોઢાથી લખીને ઉજળું ભવિષ્ય રચનાર ભુજનો ફરહાનનો અજોડ ઈતિહાસ

**ધો. ૧૦માં ૭૦ પર્સન્ટાઈલ સાથે બી-૧ ગ્રેડ મેળવતાં શ્રેષ્ઠ સફળતા**

ભુજ : જ્યાં ઈરાદા મજબૂત હોય, ત્યાં કોઈ પણ અડચણ નાનકડી બની જાય છે. ભુજના ધી મુસ્લિમ એજ્યુકેશન અંગ્રેજી માધ્યમ સ્કૂલના વિદ્યાર્થી ફરહાન ઈમરાન કુંભારે આ વાતને સચ્ચાઈ બનાવી છે. જીવનમાં આપત્તિના મોટા ઝટકા બાદ પણ ઉંચા હોશ અને અડગ મનોબળથી ધોરણ ૧૦માં ૭૦ પર્સન્ટાઈલ સાથે બી-૧ ગ્રેડ હાંસલ કરી બધાને ચકિત કરી દીધા છે. ફરહાનનું બાળપણ સામાન્ય રીતે જતી જીંદગી હતી, પરંતુ માત્ર ૫ વર્ષ પહેલા અજાણી ભયાનક ઘડીએ તેનું જીવન હચમચી ગયું. ઘરકામ દરમ્યાન વીજપ્રવાહ લાગતાં તેને ગંભીર રીતે ઈજાઓ પહોંચી. તરત સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાતા ડોક્ટરોએ જાન બચાવવી હોય તો બંને હાથ કાપવા પડશે એવી ભયાનક વાસ્તવિકતા કહી. પરિવાર અને ફરહાને આ અઘરી પરિસ્થિતિનો સામનો ધીરજ અને આશાથી કર્યો. હાથ ગુમાવ્યા બાદની શરૂઆત ખૂબ જ મુશ્કેલ હતી. રોજિંદી ક્રિયાઓ જેવી કે ખાવું, પીવું, કપડાં પહેરવા જેવી બાબતો પણ પડકારરૂપ બની હતી પરંતુ ફરહાને હાર ના માની. તેણે મનમાં સંકલ્પ કર્યો કે હું પણ કંઈક કરી શકું છું. પહેલા પગથી લખવાનો પ્રયત્ન કર્યો, પણ સફળ ન થયો. બાદમાં મોઢાથી લખવાનું શરૂ કર્યું. સતત અભ્યાસ, ધીરજ અને મહેનતથી આજે તે મોઢાથી પણ લખાણ લખી શકે છે. ફરહાનનું આ ઉત્તમ પરિણામ માત્ર એક વિદ્યાર્થીની સિદ્ધિ નથી, પરંતુ માનવ મજબૂતીનો જીતી જતી સાબિતી છે. શાળાના આચાર્ય, શિક્ષકો અને સમગ્ર સ્ટાફે ફરહાનના આ સિદ્ધિ પર હર્ષ વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા. ફરહાન જેવા યુવાનો જોઈને સમજાય છે કે શારીરિક મર્યાદાઓ કેટલીય વાસ્તવિક હોય, પણ માનસિક શક્તિ આગળ તે તુચ્છ બની જાય છે. આજના યુવાનો માટે ફરહાન એક પ્રેરણારૂપ અધ્યાય સમાન છે, જે શીખવે છે કે મુશ્કેલી પછી આવે છે સફળતાનું સૂર્ય.

## રસલીયા ગામે રામ મંદિર પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો





નખત્રાણા : રસલીયા ગામે પ્રાચીન રામ મંદિર જીર્ણોદ્ધાર થતા મૂર્તિઓને પુનઃ પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. આચાર્ય હર્ષદભાઈ રાવલ, શાસ્ત્રી કૌશિકભાઈ તેમજ બ્રકહ્મણ વૃન્દે યજમાન વિપુલભાઈ, હિતેશભાઈ અને નિમેશભાઈના હસ્તે ધાર્મિક વિધિવિધાન કરાવેલ હતી. લોહાણા સમાજના અગ્રણી મોતીલાલભાઈ સચદેના માર્ગદર્શનમાં મંદિરનું જીર્ણોદ્ધાર કરાયું હતું.

ભગવાનની શોભાયાત્રા નિકળી હતી. કાર્યક્રમને માણવા દેશ દેશાવરથી લોહાણા મહાજન ગામમાં આવ્યું હતું. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ જીત સચદેની સાથે રાસગરબાની રમઝટ બોલાવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા પ્રદીપભાઈ, કલ્પેશભાઈ, નીતિનભાઈ અને તેમની યુવા ટીમે જહેમત ઉઠાવી હતી.

## કચ્છનોંધ

**ભુજમાં યોગ શિબિર**

● ગુજરાત સરકાર ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આ વર્ષે સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત તેમજ ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની પૂર્વ તૈયારી રૂપે ભુજમાં તા. ૨૩-૫ના આશાપુરા વિધ્યા સંકુલ, મુન્દ્રા રિલોકેશન સાઈડ, ભુજ ખાતે સવારે ૬થી ૭ યોગ શિબિરનું આયોજન કરવામાં આવે છે. ભાઈઓ તેમજ બહેનોને યોગ શિબિરમાં જોડાવવા અપીલ કરી છે.

## રત્નકણિકા

**દરેક અંધકાર એ પ્રકાશ આવવાનો સૂચક છે.**

**- મત્સ્યપૂરાણ**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૭, પા. ૬એ-૧૩૯૪, મુ. જીલ્કાદ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, વૈશાખ વદ-૯ પંચક તા.૨૧ મે ૨૦૨૫, બુધવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૨૨, શત્તતારકા નક્ષત્ર, વૈધૃતિ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૦૯, સૂ.અ.૭:૨૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** : આકસ્મિક ધન લાભ થાય, દિવસ આનંદમય વ્યતિત થાય.

**વૃષભ** : વડીલ વર્ગથી લાભ મેળવી શકશો, નવિન શુભ સમાચાર મળે.

**મિથુન** : આર્થિક લાભ મેળવી શકશો, શેર-સટ્ટામાં લાભ મેળવી શકશો.

**કર્ક** : જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે, કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં સફળતા મળે.

**સિંહ** : સ્વમાન ઘવાય તેવા પ્રસંગ બને, આર્થિક પરિસ્થિતિ તંગ રહે.

**કન્યા** : મુસાફરી-પ્રવાસમાં લાભ થાય, આરોગ્ય બાબતે સાવચેતી રાખવી.

**તુલા** : પડવા-વાગવાથી સંભાળવું, આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે.

**વૃશ્ચિક** : પ્રગત્તિની દિશા ખુલે, મનમાં ગુપ્તચિંતા રહે.

**ધન** : વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું, મનમાં ગુપ્ત ચંતા રહે.

**મકર** : મનનું ધાર્યું થાય નહીં, કાર્યબોઝમાં વધારો થાય.

**કુંભ** : મનમાં આનંદ રહે, પ્રસાવ-મુસાફરીના યોગ છે.

**મીન** : નવિન કાર્યમાં સફળતા મળે, લાભની તક સાંપડે.

## અવસાન નોંધ

**આદિપુર** : મૂળ અંજારના ક.ગુ.ક્ષ. (મિસ્ત્રી) સમાજ સવિતાબેન (દમયંતીબેન) પઢિયાર (ઉ.વ. ૭૪) તે રસિકલાલ મોહનજી પઢિયારના પત્ની, સ્વ. મીઠીબેન મોહનજી પઢિયારના પુત્રવધૂ, જયસુખ, દીપક, સંગીતા, રેખાના માતા, પ્રાગજીભાઈના ભાભી, પ્રવીણ, વિનોદ, જ્યોતિના કાકી, બલરામ, મહેશ, વંદનાના સાસુ, નિમિત, કાવ્યાના દાદી, સ્વ. જમુબેન પરષોત્તમ ખોડિયારના પુત્રી, સ્વ. નાનાલાલ, દયારામભાઈ, છોટાલાલ, અનિલભાઈ, સ્વ. હરસુખભાઈ, કસ્તૂરબેન, મંજુલાબેન, હંસાબેનના બહેન તા. ૧૮-૫ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૧-૫ના બુધવારે સાંજે ૫થી ૬ ક.ગુ.ક્ષ. સમાજ ભવન, આદિપુર ખાતે ભાઈઓ તથા બહેનોની સંયુક્ત.

**આદિપુર** : દેવેશ શર્મા (ઉ.વ. ૪૫) તે ઈંદુદેવી અને સ્વ. કાંતિલાલ રીખવદાસ શર્માના પુત્ર, સ્વ. પૂજા શર્માના પતિ, યેશ્વી, રેવાના પિતા, દિનેશભાઈ, દેવાનંદભાઈ, રોહિતભાઈ, પૂજા, નિધિના ભાઈ, પ્રકાશભાઈ (જોધપુર), દીનદયાલજી (મુંબઈ), કલ્પનાબેન (ભીનમાલ)ના ભત્રીજા, સ્વ. રતનલાલજી (બાડમેર)ના દોહિત્ર, આનંદજી, નરેશજી, સુનિલજી, મનોજજીના ભાણેજ, પ્રાનસુ, ધન્વી, પ્રેક્ષાના કાકા, સર્વજીતજી (જલગાંવ)ના જમાઈ, ગૌરવભાઈ, રાહુલભાઈના બનેવી તા. ૧૮-૫ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૧-૫ના બુધવારે સાંજે ૬થી ૭ સતી સાવી પ્રેમકુટિર, પ્લોટ નં. ૬૩, વોર્ડ ૪-બી, આદિપુર ખાતે.

**અંજાર** : મૂળ અંજાર અને હાલે ગાંધીધામ ના મધુકાંત ચત્રભુજ સોમૈયા (શેઠિયા) તે અ.નિ પ્રેમાબેન ચત્રભુજ પ્રાગજી સોમૈયા (પાટલા વાળા) ના જયેષ્ઠ પુત્ર, સ્વ. જગજીવન પ્રાગજી શેઠિયા ના ભત્રીજા, રસીલાબેન ના પતિ, સ્વ. શાંતિલાલ વિશનજી ગણાત્રા (મુંબઇ) ના જમાઈ, મીરાબેન કમલેશભાઈ ઠક્કર, આશિષ (પિન્ટુ), કપિલ ના પિતાશ્રી તે સ્વ. જેન્તીભાઈ, સુરેશભાઈ, નરેન્દ્રભાઈ સોમૈયા, સ્વ. શાંતાબેન મોહનલાલ દૈયા, સ્વ. રતનબાળાબેન પ્રતાપભાઈ ચોથાણી (મુંબઇ), ગં. સ્વ. ત્રિવેણીબેન ખીમજીભાઈ પાદરાઈ, ચંદ્રબાળાબેન જયરામદાસ દૈયા (ચાંદુબેન), ગં. સ્વ. પુષ્પાબેન દિનેશભાઈ રાચ્છ (મુંબઇ) ના ભાઈ, ગં. સ્વ. સરસ્વતીબેન ના દિયર, મંજુલાબેન તેમજ સોનલબેન ના જેઠ, કમલેશ ઠક્કર ( કે. એમ. ઠક્કર એન્જિનિયર- ગાંધીધામ), દીપ ાબેન, કલ્પનાબેન ના સસરા, ક્રિશા તથા તેજ ના દાદા, વેદ, વંશ ના નાના, ધર્મેશ (લંડન) નરેશ (ભુજ) નીપા, વિશાલ, બ્રિટી (ઓસ્ટ્રેલિયા), કુશલ ના મોટા પપ્પા, સ્વ. જયંતીભાઈ, મધુભાઈ ગણાત્રા (મુંબઈ), ઈન્દુબેન નરોત્તમભાઈ અનમ, જયાબેન હરીશભાઈ ચોથાણી, કોકિલાબેન પ્રકાશભાઈ જેસંગ ના બનેવી તા ૨૦-૦૫-૨૫ ના અક્ષર નિવાસી થયેલ છે. જેમની બંને પક્ષની પ્રાર્થના સભા તા ૨૨-૦૫-૨૫, ગુરુવાર ના સાંજે ૫ થી ૬ ક્ષત્રિય સમાજવાડી, ગાયત્રી ચાર રસ્તા, નવા અંજાર મધ્યે રાખેલ છે.

**સિનુગ્રા (તા. અંજાર)** : કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ હરજીભાઈ કાનજીભાઈ મિસ્ત્રી (વાઢેર) (ઉ.વ. ૮૬) (નિવૃત્ત સર્કલ ઈન્સ્પેક્ટર - ટીડીઓ અંજાર ઓફિસ) તે સ્વ. દેવરામ કાનજીભાઈ વાઢેર, સ્વ. ઉજમબેન ધનજીભાઈ ચૌહાણ (અંજાર)ના નાના ભાઈ, જયાબેનના પતિ, સ્વ. ડાઈબેન નાનજી ટાંકના જમાઈ, જયંતભાઈ, દિલીપભાઈ, ગં.સ્વ. કસ્તૂરબેન (માધાપર), મધુબેન (અંજાર), મીનાબેન (દબડા), રંજનબેન (ગાંધીધામ)ના પિતા, અનિતાબેન, ઉષાબેન, સ્વ. પ્રભુલાલભાઈ, જયસુખભાઈ, અર્જુનભાઈ (અંજાર), પ્રફુલ્લભાઈના સસરા, સ્વ. નૌતમભાઈ, પરસોત્તમભાઈ, સ્વ. શાંતિલાલભાઈ, મનોજભાઈના કાકા, ભાવિક, પરાગ, ઉમંગ, તૃપ્તિ, મિતિક્ષાના દાદા તા. ૧૯-૫ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૧-૫ના બુધવારે સાંજે ૫થી ૬ કૃષ્ણ પ્રણામી મંદિર, કૂવા શેરી, સિનુગ્રા ખાતે.

**લખપત** : કુંભાર ઈલિયાસ હારૂન (ઉ.વ. ૮૫) તે મામદ રમધાન, મામદ રસીદના પિતા તા. ૧૯-૫ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૨-૫ના ગુરૂવારે લખપત મસ્જિદ ખાતે.

કચ્છ ઉદય

કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.

અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.

સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ

## ભુજમાં મધર્સ ડે નિમિતે વિવિધ સ્પર્ધા યોજાઈ



ભુજ : ભારતીય જૈન સંગઠના લેડીસ વિગ તરફથી મધર્સ ડે નિમિત્તે માતૃત્વનો સંદેશ, શાયરી સાથે રીલ સ્પર્ધા રાખવામાં આવેલ હતી. પ્રમુખ ગીતા પારેખની આગેવાનીમાં મધર્સ ડે નિમીતે રીલ સ્પર્ધાનું આયોજન કરાયું હતું, જેમાં મા સાથે, બાળકો સાથે રીલ બનાવવાની હતી જેમાં માંને એક પ્રેમનો સંદેશ, શાયરી, સોંગની રીલ હરિફાઈ રાખવામાં આવેલ હતી, જેમાં ટોપ ફાઈવ રીલમાં ચાંદની વોરા, સોનાલી મહેતા, જુલી શાહ, સોનુ કોઠારી અને રોશની શાહની રીલ પસંદગી થઈ હતી. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ વેળાએ પ્રોજેક્ટના ચેરમેન કાજલ ગાંધી અને પ્રીતિ શેઠે સેવા આપી હતી. નિર્ણાયક તરીકે જાણીતા કોરિયોગ્રાફર વૈશાલી જેઠી રહ્યા હતા. મહામંત્રી ફાલ્ગુની પારેખ, મનીષા મોરબીયા, રચના શાહ, વૈશાલી શાહ, મિલી શાહ, સોનાલી મહેતા, સરલા દોશી, નિશા ખંડોર, મયુરી દોશી સહિત બધા જ કારોબારી સભ્યોનો સહકાર રહ્યો હતો.

# ભારત - પાક દરિયાઈ સરહદ પર કડક સુરક્ષા વચ્ચે જખૌ ખાતે ૭૨૪ બોટો ફસાઈ

ભુજ : જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સંઘર્ષના કારણે દરિયાઈ સરહદો પર સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. પરિણામે કચ્છના ત્રણ મુખ્ય માછીમારી બંદરો જખૌ, લખપત અને નારાયણ સરોવર પાસે માછીમાર કરવા આવેલા અન્ય જિલ્લાના માછીમારો ફસાઈ ગયા છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી ૭૨૪ બોટ હવે કચ્છના બંદરો પર ફસાયેલી છે.

ઉનાળા દરમ્યાન માછલીઓ ઓક્સિજન શોસવા માટે સપાટી પર આવે છે, પરિણામે કચ્છના દરિયા કિનારાનું પાણી નિકાસ માટે યોગ્ય ઉચ્ચ મૂલ્યની માછલીઓથી સમૃદ્ધ બને છે.

આ કારણોસર રાજ્યના અનેક જિલ્લાઓના માછીમારો માછીમારી માટે જખૌ બંદરે આવી પહોંચે છે. જોકે, ઓપરેશન સિંદુરના કારણે કચ્છની દરિયાઈ સરહદો પર માછીમારી પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ૭ મેના સરકારી ગેજેટમાં જખૌ, લખપત અને નારાયણ સરોવર બંદર પર આગામી આદેશ સુધી માછીમારીની પ્રવૃત્તિ પર રોક લગાવવામાં આવી છે, જેથી હાલે જખૌમાં ૧૯૮ સ્થાનિક અને ૪૮૨ અન્ય જિલ્લાની બોટ સહિત કુલ્લ ૬૮૦ બોટો ફસાઈ છે. નારાયણ સરોવરમાં ૪૪ બોટો સહિત કુલ ૭૨૪ બોટો અટવાઈ છે.

વાર્ષિક માછીમારી પર ૧લી જૂનથી પ્રતિબંધ શરૂ થશે, જેથી અસરકારક રીતે માછીમારીની મોસમનો અંત આવશે. જોકે, ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષના કારણે માછીમારો માટે આ સિઝન વહેલી જ પૂરી થઈ હોવાથી માછીમારો પર ગંભીર બેરોજગારીની ચિંતા ઉભી થઈ છે.

# ભર ઉનાળે ખાવડાવાસીઓને પાણી માટે વલખાં

## છેલ્લા સાત દિવસથી પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જતા સ્થાનિકો પરેશાન

ભુજ : તાલુકાના સરહદી ખાવડાના છેલ્લા સાત દિવસથી પાણી વિતરણની વ્યવસ્થા ખોરવાઈ જતાં ભરઉનાળે કાળઝાળ ગરમીના દોરમાં ખાવડાવાસીઓને પાણી માટે વલખાં મારવાની ફરજ પડી રહી છે. છેલ્લા સાત દિવસથી પાણી ન આવતાં ખાવડામાં પાણીની તીવ્ર ખેંચ ઉભી થઈ છે. પાણી પુરવઠા વિભાગની લાપરવાહીના કારણે સ્થાનિકોને પાણી માટે દરબદર ભટકવું પડી રહ્યું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર ગત અઠવાડિયે પાણીની મોટર ખરાબ થઈ જવાના કારણે ખાવડાને પાણી પહોંચ્યું ન હતું. મોટરના સમારકામમાં દિવસો નિકળી ગયા બાદ હવે પાણી પુરવઠા વિભાગ નર્મદાનું પાણી મળતું ન હોવાનું કારણ આગળ ધરી રહ્યું છે. સાતેક દિવસથી પાણી વિતરણ ન થતાં સ્થાનિકોમાં રોષની લાગણી ફેલાઈ છે. લોકોને મોંઘા ભાવે પાણીના ટેન્કર ખરીદવાની ફરજ પડી રહી છે. ભર ઉનાળે તંત્રની બેદરકારીના કારણે ખાવડા પંથકમાં લોકો અને પશુઓને પીવાનું પાણી માટે ભટકવાની ફરજ પડી છે. તંત્ર દ્વારા સત્વરે પાણી વિતરણ કરાય તેવી માંગણી લોકો કરી રહ્યા છે.

# નખત્રાણા-ભુજ જવા માટે એસટી બસ ચાલુ કરો

ભુજ : નખત્રાણા તાલુકાના અંતરિયાળ જિંદાય, દેવસર, લાખિયારવીરા, ચાવડકા ગામના લોકોને મુખ્ય મથક નખત્રાણાથી બપોરે પોતાના ગામ જવા માટે બસ સુવિધા ન હોવાથી લોકોને મૂશ્કેલી પડે છે. અન્ય વાહનોમાં મુસાફરી કરી પોતાના ગામ જવું પડે છે. નખત્રાણા ખાતેથી નખત્રાણા - ભુજ વાયા નાગલપર, નાના અંગિયા, નાગલપર, જિંદાય, દેવસર, લાખિયારવીરા, ચાવડકા, વિથોણ, મોરજર, ભડલી, નથરકૂઈ, મખણા, માનકુવાથી ભુજ ૧૬:૧૫ વાગ્યે ઉપડતી બસ સુવિધા મળે તો લોકોને એસટી સુવિધા ઉપયોગી થાય. અન્ય વિકલ્પ તરીકે ભડલી, લક્ષ્મીપર, આણંદસર, માજીરાઈથી દેશલપર, ભુજ બસ ચાલુ કરવા હરિદાન રાજવીર ગઢવીએ માંગ કરી છે.

# બાઈક અકસ્માતના કેસમાં પોલીસ કોન્સ્ટેબલને સજાનો હુકમ

ભુજ : વર્ષ ૨૦૧૮માં બે પોલીસકર્મીઓ વચ્ચે થયેલા બાઈક અકસ્માતમાં એક પોલીસ અધિકારીને ગંભીર ઈજાઓ પહોંચતા મોત નિપજ્યું હતું. આ કેસમાં અદાલતે બેદરકરી રીતે રોંગ સાઈડમાં બાઈક ચલાવનાર પોલીસ કોન્સ્ટેબલ કલ્પેશ નરશીભાઈ ઝાલાને ગુનેગાર ઠેરવી સજાનો હુકમ કર્યો હતો.

આ કેસની વધુ વિગત મુજબ ૮ ઓક્ટોબર ૨૦૧૮ના રાત્રે ભુજના નાગનાથ મંદિર રોડ પર આરોપીએ પોતાની મોટર સાયકલ રોંગ સાઈડમાં ચલાવી ભુરાભાઈ વિછીયાભાઈ વલવાઈની મોટર સાયકલને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મરણજનારને ગંભીર ઈજાઓ થતાં મોત નિપજ્યું હતું. આ કેસ ભુજની પાંચમા અધિક જ્યુ. મેજિ.ની કોર્ટમાં ચાલી જતા ૧૬ સાક્ષીઓ, ૭ દસ્તાવેજી પુરાવા ચકાસી બન્ને પક્ષની દલીલો સાંભળી અદાલતે આરોપી કલ્પેશ નરશી ઝાલાને તક્સીરવાન ઠેરવી જુદી-જુદી કલમો તળે એક વર્ષની કેદ અને દંડનો હુકમ કર્યો હતો. ફરિયાદી તરફે એડવોકેટ કે.પી. ગઢવી, પી.ડી. ખુંગલા અને બી. જે. ભાનુશાલીએ હાજર રહી દલીલો કરી હતી.

# ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા ૨૨૧ એપ્રેન્ટિસના ઇન્ટરવ્યૂ લેવાયા

ગાંધીધામ : મહાનગર પાલિકા દ્વારા મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના અંતર્ગત તાત્કાલિક કામગીરી માટે ત્રીજ દિવસે કુલ ૨૨૧ એપ્રેન્ટિસના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા છે. નવી મહાનગરપાલિકા બન્યા બાદની સાડા ચાર મહિનાની અંદર વહીવટી તંત્ર માનવબળની ઉણપ દૂર કરવા પ્રયાસશીલ બન્યું છે. મનપાના વિસ્તાર અને કામગીરીની વ્યાપકતા જોઈને તંત્રે રાજય સરકારને ૧૦૪૭ સ્ટાફની ભરતી માટે દરખાસ્ત મોકલી છે, પણ આજદિન સુધી આ દરખાસ્ત મંજૂર થઈ નથી. ઈન્ટરવ્યૂમાં ૨૬૫ અરજીઓમાંથી ૨૨૧ ઉમેદવારો હાજર રહ્યા હતા. જેમાં ૧૯ વાયરમેન, ૨૪ ફિટર, ૭ પ્લમ્બર, ૩ સર્વેયર, ૧૪ ઈલેક્ટ્રિશિયન, ૧૨ મિકેનિકલ ડીઝલ, ૫૬ ક્લાર્ક કમ ઓપરેટર, ૯ મિકેનિકલ મોટર વ્હીકલ અને ૭૭ હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટરનો સમાવેશ થાય છે. આ ઈન્ટરવ્યૂ કમિશનર મેહુલ દેસાઈ, નાયબ કમિશનર સંજય રામાનુજ તથા સંબંધિત વિભાગોના અધિકારીઓની સમિતિ દ્વારા લેવામાં આવ્યા હતા. સૂત્રોના મતે પ્રક્રિયાના અંતે લગભગ ૯૨ ઉમેદવારોની નિમણૂક કરાશે. આગામી દિવસોમાં યોગ્ય ઉમેદવારોની પસંદગી કર્યા પછી તેમને તત્કાલ ફરજ પર મુકવામાં આવશે.










# નશાકારક શીરપના ગોરખધંધા બાદ હવે હેન્ડ સેનિટાઈઝરના નામે નશો વેચવાનું ષડયંત્ર

**દ્વારકા પોલીસે બે મહિના દરમ્યાન કરેલી તપાસમાં સામે આવી હકીકતો : મુંબઈમાં લાયસન્સ વગર ફેકટરી ખોલી બનાવાતા નશાકારક 'હેન્ડ રબ'નું પાનની દુકાનો અને પ્રોવીઝન સ્ટોરમાં કરાતું વેંચાણ : નવો કીમિયો શોધનાર કચ્છ-મુંબઈ સહિતના વિસ્તારના ૭ લોકોના નામ ખુલ્યા**



ગાંધીધામ : દારૂબંધીની વાતો વચ્ચે કચ્છમાં બેફામ રીતે દેશી અને વિદેશી દારૂ વેચાય છે તેમજ આયાતી દારૂનો પણ વેપલો થાય છે. તેવી રીતે પૂર્વ કચ્છમાં ખાસ કરીને જનરલ સ્ટોરમાં કેફી શીરપની બોટલો વેચાય છે. જેમાં આલ્કોહોલનું પ્રમાણ હોવાથી નશો ચડે છે. ખાસ કરીને શ્રમિક વર્ગ આ બોટલો વધુ ખરીદે છે. કોરોના સમયગાળા દરમ્યાન હેન્ડ સેનીટાઈઝરનો વપરાશ વધ્યો હતો. તેમાં પણ આલ્કોહોલનો વપરાશ થતો હોવાથી પ્યાસીઓ તેને પણ મુકતા નથી, તેવામાં દ્વારકા જિલ્લામાં કેફી શીરપની જેમ હેન્ડ સેનીટાઈઝર વેચવાનું ષડયંત્ર પકડાયું હતું. જેમાં કચ્છ, મુંબઈ સહિતના શખ્સોની સંડોવણી ખુલી છે. દ્વારકા તાલુકાના ટુપણી ગામે રહેતા સવદાસ કરસન પોપાણીયા નામના ૩૭ વર્ષના વેપારીએ તેની પ્રોવિઝન સ્ટોરમાં રાખેલી ચોક્કસ કંપનીની શંકાસ્પદ ગ્રીન એપલ હેન્ડ રબ અને ઓરેન્જ હેન્ડ રબ નામની સેનીટાઈઝરની જુદી-જુદી ૭૪ બોટલ પોલીસે કબજે કરી હતી. તપાસમાં સાત શખ્સોના નામ ખુલ્યા હતા, જેમાંથી ત્રણ શખ્સોની અટકાયત કરીને પુછતાછ કરતા આલ્કોહોલ મિશ્રિત સેનિટાઈઝરની આ બોટલોનો ઉપયોગ નશો કરવા માટે થતો હોવાનો ઘટસ્ફોટ થયો હતો. આ સમગ્ર પ્રકરણમાં પોલીસે ટુપણી ગામના વેપારી સવદાસ કરસન પોપણીયા, ખંભાળિયાના ચિરાગ લીલાધરભાઈ થોભાણી (ઉ.વ. ૩૪), અકરમ નઝીર બાનવા (ઉ.વ. ૩૭)ની અટકાયત કરી હતી. અન્ય સાગરીતોમાં કલ્યાણપુર તાલુકાના ખીજદડ ગામના અને હાલ ભાવનગર રહેતા લગધીરસિંહ કાળુભા જાડેજા, કલ્યાણપુર તાલુકાના ધર્મેશ ઉર્ફે રઘો ઉર્ફે મારાજ પરસોતમભાઈ, કચ્છ જિલ્લાના માંડવી ખાતેના મૂળ વતની અને હાલ મુંબઈ ખાતે રહેતા હિમાંશુ અરવિંદભાઈ ગોસ્વામી તેમજ પોરબંદર તાલુકાના મિયાણી ગામના સંગીતા આયુર્વેદિક કેર નામની પેઢીના પ્રોપરાઈટર બ્રિજેશ ભાવેશભાઈ જાદવની સંડોવણી ખુલવા પામી છે. માંડવીના હિમાંશુ ગોસ્વામી સામે પ્રોહિબીશન સહિતના ગુના નોંધાઈ ચૂક્યા છે. મૂળ કલ્યાણપુરના વતની અને હાલ ભાવનગર રહેતા લગધીરસિંહ જાડેજાએ કેફી શીરપકાંડ ખુલ્લું પડયા બાદ નવો કિમિયો શોધીને મુંબઈના વસઈ ખાતે મિનિ ફેક્ટરી ચાલુ કરી લાયસન્સ વગર હેન્ડ રબના નામે નશાયુક્ત

**અનુસંધાન પાના નં.૯ પર**

# ભારાપરની કંપનીમાં ડસ્ટબીન પરથી પડી જતા યુવાનનું મોત

ગાંધીધામ : તાલુકાના ભારાપરમાં આવેલી કંપનીમાં ડસ્ટબીન પરથી પડી જતા યુવાનનું મોત થયું હતું. જ્યારે નવા કકરવામાં યુવકે ફાંસો ખાઈ લીધો હતો. આ બાબતે કંડલા મરીન પોલીસમાંથી મળતી વિગતો મુજબ ભારાપરમાં આવેલ રેણુકા સુગર કંપનીમાં આ બનાવ બન્યો હતો. સાંજના સાડા છ વાગ્યાના અરસામાં ડસ્ટબીન પરથી પડી જતા માથાના ભાગે અને પેટમાં ગંભીર ઈજાઓ થવાના કારણે ૩૫ વર્ષિય અનુજકુમાર સુશીલકુમાર શર્માને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તબીબ દ્વારા તેઓને મૃત જાહેર કરવામાં આવતા અરેરાટી ફેલાઈ જવા પામી હતી. બનાવ અંગે પોલીસે એડી દાખલ કરી છે.

**નવા કકરવામાં યુવકે ફાંસો ખાધો**

આ તરફ ભચાઉ તાલુકાના નવા કકરવા સીમ વિસ્તારમાં ૩૨ વર્ષિય રાજેશભાઈ મોતીભાઈ કોલીએ કોઈ અગમ્ય કારણોસર ઝાડ ઉપર સાડી વડે ફાંસો ખાઈ મોતને વ્હાલું કરી લીધું હતું. જેને પગલે ભચાઉ પોલીસે એડી દાખલ કરી છે. આ તરફ રાપરના ફતેહગઢમાં ૫૦ વર્ષિય અરજણભાઈ ગંગદાસ ડાંગર ઓફીસે બેઠા હતા ત્યારે અચાનક ઢળી પડતા સારવાર માટે પલાસવા સીએચસીમાં લઈ જવાયા હતા. જ્યાં તબીબે મૃત જાહેર કરતા આડેસર પોલીસે એડી દાખલ કરી હતી.

## ભોજન સમારંભ રદ કરેલ છે.

દુધઈ - હાલે માધાપર
અમારે ત્યાં ચિ. ઝંખનાબેન ના
તા. ૨૩-૦૫-૨૦૨૫ શુક્રવારના લગ્ન પ્રસંગે
યોજેલ ભોજન સમારંભ અનિવાર્ય
સંજોગોના કારણે રદ કરેલ છે.

**પ્રવીણભાઈ કરમશીભાઈ માણેક**
મો. 99255 47093


કચ્છ ઉદય સાંધ્ય દૈનિકને ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.

અડગતાથી આગળ વધીને લોકલાગણીને જીતી
કચ્છી માડુના હેતાળ હૈયામાં 'ઘર' બનાવનાર
કચ્છ ઉદય ને
૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ કરવા
બદલ હાર્દિક શુભેચ્છા....



શ્રીમતી માલતીબેન કે. મહેશ્વરી
ધારાસભ્યશ્રી,
ગાંધીધામ મત વિસ્તાર


# પ્રાર્થનાસભા



## સ્વ. પારૂમલ ખજુરામલ રામવાણી

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પરિવાર ના વડીલ શ્રી સ્વ. પારૂમલ ખજુરામલ રામવાણી (ઉ.વ. ૮૮) સ્વ. તા. ૧૯-૦૫-૨૦૨૫, સોમવાર અક્ષરવાસ પામેલ છે. પરંતુ ઈશ્વર ઈચ્છા બળવાન છે. પરમ કૃપાળુ પરમાત્મા એમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...ઓમ શાંતિ.

:::: પ્રાર્થનાસભા ::::
તા. ૨૨-૦૫-૨૦૨૫, ગુરૂવાર, સાંજે ૫.૩૦ થી ૬.૩૦ કલાકે
સ્થળ : પંડિત દિનદયાલ હૉલ, ગુરૂકુળ, ગાંધીધામ (કચ્છ).
પ્રાર્થનાસભા રાખેલ છે.

॥ શોકાતુર પરિવારજનો ॥

- ગં. સ્વ. ચંદ્રિકાબેન પારૂમલ રામવાણી - (પત્ની)
- સ્વ. ધરમદાસ કચોરીયા - (સસરા)
- નિંબરાજભાઈ રામવાણી - (ભાઈ)
- હરેશભાઈ રામવાણી - (પુત્ર)
- મીનાબેન રામવાણી - (પુત્રવધૂ)
- અજીતભાઈ રામવાણી - (પુત્ર)
- ભાવનાબેન રામવાણી - (પુત્રવધૂ)
- કલ્પનાબેન પારૂમલ રામવાણી - (પુત્રી)
- તૃપ્તીબેન કૈલાશકુમાર ચાંડક - (પુત્રી/જમાઈ)
- ડો. પ્રિયષીબેન ડો. અમરતકુમાર પનપાલીયા - (દોહિત્રી/જમાઈ)
- ભરતભાઈ રામવાણી - (ભત્રીજા)
- પ્રહલાદભાઈ રામવાણી - (ભત્રીજા)
- અનિલભાઈ રામવાણી - (ભત્રીજા)
- દિવ્યાંગભાઈ રામવાણી - (ભત્રીજા)
- નિશાંતભાઈ રામવાણી - (ભત્રીજા)
- પ્રદિપભાઈ રામવાણી - (ભત્રીજા)
- ચિંતનભાઈ રામવાણી - (ભત્રીજા)
- રોશનીબેન યાજ્ઞિક રામવાણી - (પોત્રવધૂ/પોત્ર)
- હર્ષ, લક્ષ્મણ, પરાશર - (પોત્રાઓ)
- ભૂમીબેન નચિકેત ચાંડક - (દોહિત્રવધૂ/દોહિત્ર)
- કૃતી કૈલાશકુમાર ચાંડક - (દોહિત્રી)

॥ સબંધિત ફર્મ ॥

- રૂદ્રાક્ષ સ્ટેશનરી
- રૂદ્રાક્ષ પેટ્રોલિયમ
- બી.કે. માર્ટ
- રૂદ્રાક્ષ મંડપ
- જોષી બ્રધર્સ પેટ્રોલિયમ
- વિવેક ક્રેડિટ કો.ઓ. સોસાયટી
- હરેશ પ્રોવિઝન સ્ટોર
- બી.કે. મંડપ
- રામવાણી સુપર માર્ટ

રામવાણી પરિવાર ના બાપા સિતારામ

# ક્રેડીટ કાર્ડની લીમીટ વધારવામાં ગાંધીધામની મહિલાએ ૧.૬૮ લાખ ગુમાવ્યા

## વોટસએપ ફોન કરીને ગઠીયાઓએ ઠગાઈ આચરી

ગાંધીધામ : પૂર્વ કચ્છ જિલ્લામાં ઠગાઈના બનાવો વધી રહ્યા છે. જેમાં ખાસ કરીને શેરબજારમાં રોકાણ, બમણું વળતર તેમજ બેંકના નામે ઠગાઈ થતી હોય છે. ત્યારે વધુ એક કિસ્સામાં મહિલાએ નાણા ગુમાવ્યા છે.

સપનાનગરમાં રહેતા ૬૫ વર્ષિય ધનલક્ષ્મીબેન શૈલેષભાઈ ગોરે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમને ૨૫ એપ્રીલના અજાણ્યા નંબર પરથી વોટસએપ ફોન આવ્યો હતો, જેમાં પતિના એચડીએફસી બેંકના ક્રેડીટ કાર્ડમાં લીમીટ વધારવા માટેની વાત કરી હતી. ફોન ચાલુ રખાવી ચાલુ ફોને સાયબર ગઠીયાએ વિગતો મેળવી ક્રેડીટ કાર્ડમાંથી ત્રણ તબક્કામાં ૧,૬૮,૫૬૭ રૂપિયા ઉપાડી લીધા હતા. પોતાની સાથે ઠગાઈ થયાનું જણાઈ આવતા આ મહિલાએ સાયબર પોલીસમાં અરજી આપી હતી. જો કે હજુ સુધી નાણા રિકવર ન થતા પોલીસ ફરિયાદ નોંધાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, બેંકો દ્વારા અને પોલીસ દ્વારા સતત જાહેરાતો આપવામાં આવે છે કે, બેંક તરફથી આ પ્રમાણે કોઈ ફોન કરવામાં આવતા નથી તેમ છતાં લોકો ઠગાઈનો શિકાર બને છે. વોટસએપ કોલ પર જલ્દી સુધી ધ્યાન ન આપવું જોઈએ અને બની શકે તો અજાણ્યા નંબર પરથી આવતા વોટસએપના વોઈસ અને વીડીયો કોલ ઈગ્નોર કરવા જોઈએ તો જ ઠગાઈના બનાવોથી બચી શકાશે.


કચ્છ ઉદયને ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા



અડગતાથી આગળ વધીને
લોકલાગણીને જીતી કચ્છી માડુના
હેતાળ હૈયામાં 'ઘર' બનાવનાર
'કચ્છઉદય'ને
૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે
હાર્દિક શુભેચ્છા



શ્રી કચ્છી ભાનુશાલી ઓધવરામ સત્સંગ મંડળ
(સેવાધામ રાતાતળાવ)

ખાતે અન્નક્ષેત્ર, અતીથીગૃહ અને આશાપુરા માતાજી મંદિર વગેરેનું નૂતનીકરણ દાતાશ્રીઓના સહયોગથી થઇ રહ્યું છે અને પ્રવાસન ધામ બનાવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે.

મનજી બાપુ - સ્થાપક

હરિભાઈ શંકરલાલ કટારમલ
પ્રમુખશ્રી, મુંબઈ એકમ

વસંતભાઈ કરસનદાસ ચાંદ્રા
પ્રમુખશ્રી, કચ્છ એકમ

શ્રી કચ્છી ભાનુશાલી સંત શ્રી ઓધવરામજી મહારાજ
સાર્વજનીક સેવા મંડળ સંચાલિત
સંતશ્રી વાલરામજી મહારાજ પાંજરાપોળ રાતાતળાવ



પાંજરાપોળ ખાતે ૫૮૦૦ જેટલા નીરાધાર ગૌવંશનું પાલન પોષણ કરવામાં આવી રહ્યું છે. દાતાઓના સહયોગથી ગૌવંશ હોસ્પિટલ નિર્માણ કાર્ય શરૂમાં છે. સાથે સુવિધા સભર અત્યાધુનિક પાંજરાપોળ બનાવવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

ઉમરશી શિવજી મંગે - ટ્રસ્ટીશ્રી

શ્રી સદ્‌ગુરૂ મેડીકલ એન્ડ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ : નલિયા

અબડાસા તથા આસપાસના વિસ્તારોમાં માનવ સેવાર્થે મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલના નિર્માણ માટે દાતાઓના સહયોગથી પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

રાજેશ શામજી નંદા
ટ્રસ્ટીશ્રી

છત્રસિંહ જાડેજા
મહામંત્રી

જયેશભાઈ ઠક્કર
ટ્રસ્ટીશ્રી



AAYUSH HOSPITALS
10 Trusted Care Since 2015

કચ્છ ઉદય દૈનિક આજે ૩૨ માં વર્ષગાંઠમાં મંગલ પ્રવેશ કરી રહ્યું છે.

આયુષ હોસ્પિટલ - ભુજ તરફથી
ખુબ ખુબ શુભેચ્છાઓ.



ઉપલબ્ધ સુવિધા

- ન્યુરો સર્જરી
- ઓર્થોપેડિક
- જનરલ મેડિસિન
- ઈ.એન.ટી (કાન,નાક, ગળાનો વિભાગ)
- યુરો સર્જરી
- જનરલ સર્જરી
- ગાયનેકોલોજી
- ઑપ્થેલ્મોલોજી (આંખોનો વિભાગ)
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ
- ઈમર્જન્સી
- પીડિયાટ્રીક

8 હોસ્પિટલસ્ | 1200+ બેડસ્ | 150+ ફૂલ ટાઈમ નિષ્ણાત ડોક્ટરો | 2500+ પ્રશિક્ષિત સ્ટાફ | 18 લાખ+ હેપ્પી ઓપીડી દર્દીઓ | 1 લાખ+ દાખલ દર્દીઓની સારવાર

આયુષ હોસ્પિટલ - ભુજ
સીટી મોલ કંમ્પાઉન્ડ, G.K. જનરલ હોસ્પિટલની પાછળ, કેમ્પએરિયા, ભુજ. 7575 888 921
રાજકોટ | મોરબી | જામનગર | સુરેન્દ્રનગર | મહેસાણા | કચ્છ | જુનાગઢ